Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માનંદ પ્રકાશ



આત્મ સં. ૮૮ (ચાલુ) વીર સં. ૨૫૦૯
વિક્રમ સંવત ૨૦૩૯ જેઠ

## સનાતન પ્રેમ-કથા

રચયિતા -શ્રી ચતુર કુશળ

રાજુલ સુંદર નાર, શામ સંગ ખેલત હોરી. રાજુલ.
ગ્યાનકો ઉડત ગુલાલ, શીલકી કેસર ઘોરી,
તપ જપ સંજમ ભરી પિચકારી, કામ ક્રોધ કું તોરી રે માઇ.... રાજુલ.
દાનકો અબીર મંગાય કે રે, ભાવ શુદ્ધ ભરકે ઝારી,
પંચ મહાવ્રત ચંદન છાંટયો, અરગજા સમરસ ઘોરીરે માઇ.... રાજુલ.
આ વિધિ રમીએ ફાગ, શામશું મન સુધ હોરી,
ચતુરકુશળ તેરી ભવ ભવ સેવક, વંદુ બે કર જોરી રે માઈ.... રાજુલ.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

પુસ્તક : ૮૦ ] જુન : ૧૯૮૩ [ અંક : ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | શત્રુંજયનો સૌંદર્ય વૈભવ | સ્વ. બોટાદકર | ૧૩૭ |
| ૨ | આપ જાણો છો ? | — | ૧૩૮ |
| ૩ | તરંગવતી યા તરંગલોલા | લે. ગણેશપ્રસાદ જૈન | ૧૩૯ |
| ૪ | લલિતાંગ દેવ | — | ૧૪૪ |
| ૫ | ગૌવંશની રક્ષા અને આપની ફરજ | — | ૧૪૮ |
| ૬ | મારે નિર્ભય બનવું છે | પં. શ્રી ભદ્રગુપ્તવિજયજી ગણિવર્ય | ૧૪૯ |
| ૭ | ભાવનગરને આંગણે ઉજવાયેલ શાનદાર પંન્યાસપદ-પ્રદાન તથા ૭ મુમુક્ષુ પુણ્યાત્માઓનો દીક્ષા-પ્રદાન મહોત્સવ | | ૧૫૧ |
| ૮ | જૈન ધર્મની બાળપોથી | પં. શ્રી પૂર્ણાનન્દવિજયજી | ટાઈટલ ૩-૪ |


( અનુસંધાન ટાઈટલ ૪ નું ચાલુ )

કોઈક સમયે લાખ યોજનનો મેરૂ પર્વત. યોજનમાં આટલા માઈલો જમ્બુદ્વીપ, પાડુકવન, મહાવિદેહક્ષેત્ર, ત્રણપલ્યોપમ અને ૮૪ લાખ પૂર્વના આયુષ્યવાળા માનવો, સાગરો પમ અને પલ્યો પમની ચર્ચાઓ તેમને મન ઠંડાપાણીના ગપ્પા જેવી છે. આવી સ્થિતિમાં દેવાધિદેવનું તત્વજ્ઞાન સમજવા માટેની તેમની પાસે ક્ષમતા ન હોય તે સમજાય તેવી વાત છે.

૫. આગમ ગમ્ય કેવળી ગમ્ય પદાર્થો, કેટલાક એટલા બધા સૂક્ષ્મ હોય છે જેને જાણવા માટે. મોહવાસનામાં રંગાયેલી, ક્રોધ કષાયમાં ધમધમતી સંસારની માયામાં અટવાયેલી આપણી સ્થૂળ બુદ્ધિનો ગજ વાગી શકે તેમ નથી. આવી સ્થિતિમાં મહાવીર સ્વામીનું તત્વજ્ઞાન સમજવા જેટલી ક્ષમતા તેમની પાસે ન હોય તે માનવા યોગ્ય છે.

૬. સામેની ભીંત પાછળ રહેલી વસ્તુને પણ જાણવા જેટલી ક્ષમતા નથી. આંખ પર લાગેલા કાજલને પણ આંખ જોઈ શકતી નથી. અત્યંત તેજમાં પણ આપણી આંખો કામ કરી શકતી નથી. તો પછી પરોક્ષ તત્વોને તથા પ્રત્યક્ષ પદાર્થના ગુણ પર્યાયોને જાણવાની સમર્થતા ક્યાંથી હોય ?

સારાંશકે પ્રાયઃ કરીને જ્ઞેયતત્વ ચર્મચક્ષુગ્રાહ્ય નથી. માટે જ જૈન તત્ત્વને જાણવું અત્યન્ત દુષ્કર છે. આમ છતાં પણ રાગ-દ્વેષ, કાષાયિક વૃતિ તથા પ્રવૃતિ કામુકી ભાવના વગેરે આત્મિક દોષોને જે ભાગ્યશાળીઓને ઓછા હશે, અથવા પોતાની આધ્યાત્મક શક્તિ વડે તે દોષોને દબાવી દીધા હશે. તેઓ સમ્યગજ્ઞાન મેળવવામાં મેળવેલાને વધારવામાં, વધારેલાને ટકાવી રાખવામાં, અને ટકાવેલાને જીવનના અણુ અણુમાં ઉતારવાનો પ્રયાસ કરીને માનવ જીવનને પવિત્ર બનાવશે. ઉપર પ્રમાણે તત્વજ્ઞાનની ગહનતા હોવા છતાં પણ જિનેશ્વરદેવોના વચનો પર શ્રદ્ધા બળ કેળવવું જોઈએ. ત્યારેજ આપણે આજે નહિં તો કાલે પણ તેને મેળવવાને માટે ભાગ્ય શાળી બનીશું.

(ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

491

## આ સભાના માનવંતા નવા પેટ્રન

# શ્રેષ્ઠીવર્ય શ્રી બટુકભાઈ ત્રિભોવનદાસ સલોતની

## જીવન ઝરમર

શ્રી સિદ્ધક્ષેત્ર-પાલીતાણાની પવિત્ર ભુમિમાં ઈ સ. ૧૪-૧૧-૩૨ના મંગળ દિવસે ધર્મનિષ્ઠ માતા અંજવાળીબેન અને પિતાશ્રી ત્રીભોવનદાસ પંડીતને ત્યાં શ્રી બટુકભાઈનો જન્મ થયો. પુત્ર વધામણાથી આનંદ મંગળ પ્રવર્તી ગયો. બટુકભાઈની માત્ર સવા માસની વયમાં પિતાશ્રી સ્વર્ગે સીધાવી ગયા. ત્રણ બંધુઓ હતા. બધા નાના નાના બાળકો જ હતા. પિતાશ્રી શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ-પાલીતાણાના ધાર્મિક વિભાગના પંડીત હતા. ખરૂં કહીએ તો યશોવિજયજી ગુરૂકુળના પાયાના પત્થર રૂપે તેઓએ મહાન ભોગ આપ્યો છે. બંધુઓમા એક બંધુ ચીમનભાઈ માત્ર ૨૩ વર્ષની ભરયુવાન વયે સ્વર્ગવાસ પામ્યા. હવે માત્ર બે ભાઈઓની બેલડી રહી. માતુશ્રીનો પણ વિયોગ થયો. ઇ. સ. ૧૯૫૩માં માતુશ્રી સ્વર્ગવાસી થયા.

બન્ને બંધુઓએ ગુરૂકુળમાં રહી પાંચ અંગ્રેજી સૂધી અભ્યાસ કરી છોડી દીધો ને મુંબઇ આવ્યા. મામા શ્રી દલીચંદ પરશોત્તમદાસ જેઓ મુંબઈના ઘોઘારી સમાજના એક પ્રતિષ્ઠિત આગેવાન છે એમને ત્યાં રહ્યા. અને ધંધામાં આગળ વધતા ગયા. પુણ્ય અને પુરુષાર્થનો યોગ જામ્યો. ભાગ્યે યારી આપી.

એમના ધર્મપત્ની અ. સૌ. નિર્મળાબેન ધર્મશ્રદ્ધા, ત્યાગ, તપશ્ચર્યા, સાધુ-સાધ્વીની વૈયાવચ્ચ, સાધર્મિક, ભક્તિ-મહેમાનોની સરભરા સર્વની સાથે હળીમળીને બધાનો પ્રેમ ખૂબજ સંપાદન કર્યો, ઉપધાન તપ અઠ્ઠાઈ વિ. તપસ્યા કરી. વરઘોડામાં રથમાં બેસવાનો સારથી બનવાનો આચાર્ય ભગવંતોને પગલા કરાવવા ઇત્યાદિ અનેક પ્રકારે દાન ધર્મનો લ્હાવો લઇ સંસારને ઉજમાળ બનાવી રહ્યા છે.

બંધુનું નામ રમણીકભાઇ છે. વેપાર ધંધામાં જવા આવવામાં બન્ને બંધુઓ જ્યાં જાય ત્યાં સાથે જ જોવા મળે બજારમાં **R. T.** એન્ડ **B. T.** ના નામથીજ ઓળખાય છે. વેપારીઓનો પ્રેમ અને ચાહના ખૂબજ સંપાદન કર્યા છે.

પાઠશાળા, આંબેલશાળા, ધર્મશાળા, બોર્ડીંગો, હોસ્પીટલો, બાલાશ્રમ વિગેરે અનેક સંસ્થાઓમાં સારી એવી રકમો ખુલ્લી તથા ખાનગી આપી જીવનનો લ્હાવો લીધો છે અને લઈ રહ્યા છે.

સ્વભાવ અત્યંત શાંત પ્રેમાળ અને આનંદી નમ્રતા અને વિવેક જેવા સદ્‌ગુણો આદર્શ રૂપ છે.

એમને બે પુત્રો ત્રણ દીકરી છે-રાજેન્દ્ર, પંકજ તથા પુત્રીઓ ઈલા, નયના, આશા ધંધો પ્લાસ્ટીક ઇન્ડસ્ટ્રીઝ એન્ડ રો મટીરીયલ્સનો છે. ધાર્મિક અભ્યાસ સાધારણ છે છતાં ધર્મશ્રદ્ધા અનુમોદનીય છે ધર્મને માર્ગે ધન વ્યય કરવામાં સદાય આનંદ પામે છે એમની ઉદારતા અને સરલતા અને પરોપકાર વૃદ્ધિથી યશ અને કીર્તિ પ્રાપ્ત કરી રહ્યા છે.

શ્રી ચિંતામણી ઘંટાકર્ણ મહાવીર મંડળના પ્રેસીડેન્ટ છે. મળતાવડો અને આનંદી સ્વભાવ પરોપકાર પરાયણ બીજાના દુઃખે દુઃખીને બીજાના સુખે સુખી એવી ભાવના એના હૈયામાં રહ્યાજ કરે છે. એમના પત્નિ નિર્મળાબેન પણ એવાજ પરોપકારી અને ઉદાર છે. બધાનો મિલનસાર સ્વભાવ અનુમોદનીય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

3156

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ સભાના નવા પેટ્રન

# શ્રીયુત સેવંતિલાલ કાન્તિલાલ પટણીની

### જીવન ઝરમર


શ્રીયુત સેવંતિભાઇ મુળ પાટણના વતની. પાટણ એ ગુજરાતનું પાટનગર હતું-મહારાજા કુમારપાળ મહારાજા સિદ્ધરાજ જેવા મહાન રાજાઓની આ રાજધાની હતી. પાટણનો ઇતિહાસ અત્યંત ગૌરવવંતો છે. જીવદયા ભૂતકાળમાં આ દેશમાં પળાવી શકાઈ ન હતી એટલી જીવદયા મહારાજા કુમારપાળના રાજ્યમાં પળાતી હતી-ઢોરોને પાણી પીવાના અવાડામાં પણ ગળેલું પાણીજ વપરાતુ. કુવા-વાવ કે તળાવમાંથી પાણી ભરનાર માટે પાણી ગળવાની સર્વ સગવડ મળતી-કોઇ ઠેકાણે જીવહીંસા થઇ શકતી નહીં. ભગવાન મહાવીરસ્વામી પછી પચીસો વર્ષના ઇતિહાસમાં જૈન ધર્મ માટેનો સુવર્ણ યુગ, શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કાળ જો કોઇ હોય તો તે મહારાજા કુમારપાળના રાજ્ય દરમ્યાનનો કહી શકાય અને આ બધાના મૂળમાં સૂર્ય રૂપે જો કોઈ હોય તો તે કલિકાલ સર્વજ્ઞ પરમ પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી હેમચંદ્રાચાર્યજી હતા જે આચાર્ય ભગવંત સાક્ષાત્ બ્રહસ્પતિના અવતાર સમા અને જેની જીવ્હાગ્રે દેવી સરસ્વતી બિરાજમાન હતી જેણે જીવનમાં સાડા ત્રણ કરોડ શ્લોક પ્રમાણ સાહિત્યની રચના કરી જ્ઞાનગંગા વહાવી હતી. જ્યાં અત્યારે પણ પ્રાચીન જ્ઞાનભંડારો વિદ્યમાન છે. સેંકડો જિનમંદિરો છે અને અનેક વિદ્યાશાળાઓ ઉપાશ્રયો પાઠશાળાઓ વિદ્યમાન છે. જે નગરીમાં લાખો કેટ્યાધિપતિ બિરાજમાન હતા એવું જે નગરીનું ગૌરવ હતુ-તે પાટણ શહેરમાં માતા કાન્તાબેન અને પિતા કાન્તીલાલ હીરાચંદને ત્યાં સંવત ૧૯૮૪ના ફાગણ શુદ ૨ના શુભ દિવસે શ્રી સેવંતિભાઇનો જન્મ થયો. બહુ વિશાળ કુટુંબ-આઠભાઇઓ, બે બહેનો મળીને સેવંતીભાઇ દસદસ ભાંડરડા છે. અને આજે પણ અખંડ રીતે વિદ્યમાન છે બધાજ પરણેલા છે છતાં કુટુંબમાં સંપ અને સ્નેહ ખુબજ સારા છે. બધાના સ્વભાવ શાંત સરલ અને મળતાવડા શ્રી સેવંતીભાઈના પત્ની કલાવતીબેન એક ગુણિયલ સ્ત્રી છે સ્વભાવે શાંત અને કુટુંબ વત્સલ છે. વળી સેવંતિભાઇને એક પુત્ર અને બે પુત્રી છે આખુ કુટુંબ ધર્મના રંગે રંગાએલું છે સાધુ સાધ્વીની વૈયાવચ્ચ માટે એમની અનુમોદના કરીએ એટલી ઓછી છે. પુત્ર પણ ખૂબજ જીવદયા પ્રેમી છે. શ્રી સેવંતિભાઈ તથા તેનું આખુ કુટુંબ દરરોજ પૂજા સેવા દર્શન ઈત્યાદિ ધર્મક્રિયા કરવી, દરરોજ વ્યાખ્યાન શ્રવણ કરવું, તપ, જપ વિગેરે આરાધના કરવી તેમજ પરોપકારનું કે સેવા સુશ્રુષાનું કોઈપણ કાર્ય દેખાય કે તુરત યથાશક્તિ તન મન અને ધન સાથે સમયનો પૂરતો ભોગ આપવા તત્પર બને તેઓને વ્યવસાયમાં પ્લાસ્ટીકનું કારખાનુ છે તથા પ્લાસ્ટીકનો ધંધો છે તે તેમના પુત્ર સંભાળે છે પોતે ખાસ નિવૃત જીવન જીવે છે અને મોટા ભાગનો સમય ધર્મધ્યાન અને સેવામાંજ પસાર કરે છે વળી બીલકુલ અભિમાન નહીં-માન અપમાનની એને પડી નથી મસ્ત અને આનંદી ધાર્મિક જીવનમાંજ એને મજા પડે છે વળી કોઈ દુ:ખીને જોઈને એનું દિલ તરત દ્રવી ઉઠે છે દયાળુ અને કરૂણાળુ ઉદાર એનું હૃદય છે-માયા કપટ એને જરાએ રૂચતા નથી-એવું આધ્યાત્મિક પવિત્ર જીવન જીવે છે એમનો અભ્યાસ સામાન્ય છે છતાં હૈયાની સૂઝ મોટી છે-ગમે તે ધંધામાં પ્રવિણતા મેળવતા એને વાર લાગતી નથી અને એનો લાભ સાધર્મિક બંધુઓને માર્ગદર્શક બનીને આપે છે. એમ કરીને સાચી સાધર્મિક ભક્તિ કરે છે. એવી જ રીતે સમ્યગ્જ્ઞાનના પિપાસુ છે આવા એક સેવાભાવી સજ્જન સભાના પેટ્રન બનતા સભા આનંદ અનુભવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




તંત્રી : શ્રી પોપટલાલ રવજીભાઈ સલોત

વર્ષ : ૮૦ ] વિ. સં. ૨૦૩૯ જેઠ : જુન-૧૯૮૩ [ અંક : ૮

# શત્રુંજયનો સૌંદર્ય વૈભવ

**સ્વ. બોટાદકર**

દેખીને શસ્ય સ્વાદુ સલિલ બહુલતા વૃક્ષની વાડીઓને,
ઉતાર્યો સ્વર્ગમાંથી નિજ ગજપતિને વાસવે વ્યોમ વાટે;
તે તો સતૃપ્તિ એવી અચલ બની રહ્યો નંદનાનંદ છોડી,
હારીને ઈન્દ્ર પાછો અમરપુર વિષે હા ગયો આશ મૂકી. (૧)
તો યે વિસારતાં યે ક્ષણ નવ વિસરે આંગણે ઉછરેલો,
પાળેલો પૂર્ણ પ્રેમે પ્રતિ સમરપથે વાહરૂપે વસેલો;
તેથી પૃષ્ટે પનોતું નગર નીરમીને દિવ્ય દેવાલયોનું,
દેવોના વૃંદ સંગે સુર-શચિપતિએ શું અહીં સ્થાન કીધું ? (૨)
ઓઢેલી ઝૂલ્ય લીલી પદસરણી તણી મધ્ય રાજેકિનારી,
ને ચારૂ ચોતરાઓ પથિક વિરતિના શ્વેત ગુચ્છાસુહાગી;
ડેલતો મસ્ત વાયુ શ્રમ સહજ હરી સ્પર્શથી શૈત્ય આપે,
ને ઇન્દ્રોદ્યાન કેરી કુસુમ સુરભિથી દોષ દૂરે હઠાવે. (૩)

કવિ પ્રાપજકર પૂર્તિ રૂપે ઉમેરે છે :

સોહતો શૈલ પૃષ્ટે પુનિત ગજપતિ સૂંઢ મંદાકિની શી,
અભાડી ધર્મ કેરી પતિતજનતણાં પાપ વિનાશિની શી;
સરકલો ઇન્દ્ર એવું પુનિત ગજપરે કોણ આવી વિરાજે,
સુણીને પ્રાર્થના એ જિનપતિ ઉતર્યા લોક ઉદ્ધાર કાજે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ✠ આપ જાણો છો ? ✠

(૧) આ અવસર્પિણીમાં છેલ્લા કેવલી શ્રી જંબૂસ્વામી થયા.

(૨) મુક્તિ પામનાર છેલ્લા રાજર્ષિ ઉદાયન થયા.

(૩) કેવલજ્ઞાનીઓને કવલઆહાર કહ્યો છે.

(૪) વિગ્રહ ગતિવાળા, સમુદ્‌ઘાત અવસ્થામાં ત્રીજા ચોથા ને પાંચમા સમયમાં સયોગિ કેવલી અને અયોગિ કેવલી તથા સિદ્ધ ભગવાન્– આટલા અણાહારી હોય છે.

(૫) લોહર્ષિ મુનિ શ્રી વીરપ્રભુ માટે આહાર લાવતા.

(૬) શ્રી વીરપ્રભુએ સુપ્રતિષ્ઠ ઋષિને કહ્યું, "આ અવસર્પિણીમાં ભરતખંડ વિશે **સિંહનિક્રિડિત તપ** કરનાર તમે છેલ્લા છો :– અર્થાત્ તમારા પછી કોઈએ **તપ** કરનાર નથી.

(૭) અનાર્ય દેશમાં જન્મેલા આર્દ્રકુમાર, અભયકુમાર મંત્રીએ મોકલેલી શ્રી આદિનાથની સુવર્ણ પ્રતિમાં જોઈ જાતિસ્મરણ જ્ઞાન પામ્યા.

(૮) શ્રી વીર પ્રભુએ નંદન-ભવમાં અગિયાર લાખ, એંશીહજાર, છસો, પીસ્તાલીસ માસ ક્ષમણ કર્યા, એક લાખ વર્ષ અને પાંચ દિવસમાં તે મહામુનિએ ત્યાંજ નિકાચિત એવું તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું.

(૯) અંતિમ શ્રુતકેવલી શ્રી સ્થુલિભદ્ર સ્વામી થયા.

(૧૦) અંતિમ દશપૂર્વધર શ્રી વજ્રસ્વામી થયા.

(૧૧) આ અવસર્પિણીમાં છેલ્લા આચાર્ય શ્રી દુપ્પસહસૂરિજી થશે.

(૧૨) શ્રી શય્યંભવ સૂરિએ 'દશવૈકાલિક સૂત્ર' રચ્યું.

(૧૩) ગુસ્સે થયેલ ગોશાલે સર્વાનુભૂતિ મુનિરાજ પર તેજોલેશ્યા મૂકી. શુભ ધ્યાનથી મૃત્યુ પામી, સહસ્રાર નામના દેવલોકમાં દેવતાપણે ઉત્પન્ન થયા.

(૧૪) સુનક્ષત્ર મુનિ ગોશાલાને શિખામણ આપવા લાગ્યા ત્યારે તેણે તેજોલેશ્યા મૂકી તે મૃત્યુ પામી અચ્યુત દેવલોકમાં દેવપદ પામ્યા.

(૧૫) ક્ષપકશ્રેણીના યોગથી સર્વ કર્મનો ક્ષય કરી કુર્માપુત્ર કેવળજ્ઞાન પામ્યા. તે કેવળી ભગવાન ઘરને વિષેજ રહ્યા. માત પિતાને બોધ પમાડી દીક્ષા દાનથી અતિ ઉત્તમ ગતિ પ્રત્યે પહોંચાડયા. પછી કુર્માપુત્ર કેવલીએ મુનિવેષ સ્વીકાર્યો.

(૧૬) શ્રી હલ્લ અને શ્રી વિહલ્લ–મુનિવરોએ એક વર્ષ પર્યંત **સુગુણ રત્ન** નામે **તપ** કર્યું. શ્રી હલ્લ મુનિરાજ જયંત નામના અનુત્તર દેવલોકમાં ગયા. શ્રી વિહલ્લ મુનિવર અપરાજિત વિમાન પ્રત્યે ગયા.



## ક્ષમા યાચના

આ માસિક અંકમાં કોઇ અશુદ્ધિ રહી ગઈ હોય અથવા કોઇ ક્ષતિ, મુદ્રણ દોષ હોય તો તે માટે મનસા, વચસા, મિચ્છામિ દુક્કડમ્.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તરંગવતી યા તરંગલોલા

લે૦ ગણેશપ્રસાદ જૈન

નગરશેઠ ઋષભસેન દેવપૂજન બાદ ભોજન આદિથી નિવૃત્ત બની, કક્ષમાં વિશ્રામ કરતાં હતા. એ સમયે તરંગવતી તેના પાસે આવી એજ સમયે શ્યામવર્ણી માલિન પુષ્પોથી ભરેલ ટોપલી સાથે શેઠ સમક્ષ ખડી થઈ. નગરશેઠે પુષ્પોમાંથી અમુક પુષ્પો પસંદ કર્યા.

તે પુષ્પ રંગે પીળું હતું. શેઠે તરંગવતીને પૂછયું, " ટોપલીના બધા પુષ્પોમાં આ પુષ્પજ પીળું કેમ છે ?"

જ્યારે બીજા પુષ્પો હસ્તીના દંત સમ શ્વેત છે.

તરંગવતી બોલી ," આ પુષ્પની સુગંધ બતાવે છે કે પીળો રંગ તેનો મૌલિક નથી " પણ તેને લાગેલ પીળો રંગ કમળ-પુષ્પોના રજકણનો છે."

શેઠ તરંગવતીના ઉત્તરથી આશ્ચર્ય પામ્યા. તેણે પુછયું, " ઉદ્યાન વચ્ચે સપ્તપર્ણના વૃક્ષ ઉપર પ્રસ્ફુરિત થયેલ પુષ્પ પર કમળ પુષ્પોના રજકણ કેવી રીતે સભવે ?"

તરંગવતીને કહ્યું, "આ પુષ્પમાં કમળ પુષ્પની ગંધ અધિક છે." સપ્તવર્ણ વૃક્ષ પાસે સરોવર આવેલ હોવું જોઇએ સરોવરમાં પીળા રજકણોથી રંગાયેલ કમળો હોવા જોઇએ. તેમના પર મધ ચૂસવા આવેલ હજારો મધમાખીયો બેઠી હોવી જોઇએ ત્યાંથી ઉડતી વખતે, તેઓ આ સપ્તપર્ણી પુષ્પો પર થઇને જતી હશે. તેમની પાંખો પર લાગેલ કમળના પીળા રજકણ આ પુષ્પો પર ઝરતાં હશે. તે કારણથી આ શ્વેત પુષ્પ પીળું બનેલ છે.

શેઠ પ્રસન્ન થયા અને જણાવ્યું કે પરીક્ષામાં તું ઉત્તીર્ણ થઇ છે.

એ સમયે નગરશેઠની પત્ની બોલી, "સપ્તપર્ણ વૃક્ષ જોવાની મને ખૂબ ઇચ્છા છે." નગરશેઠનો આદેશ મળતાં જ પરિવારની બધી સ્ત્રીઓ શૃંગાર સજીને, ઉદ્યાન-ક્રિડા જવાને તૈયાર થઇ. તરંગવતીએ પણ સાજ શણગાર સજ્યાં અને સખીઓની સાથે ઉદ્યાન ક્રિડા તરફ રવાના થઇ.

નારી સમુહ સાથે આવેલ શેઠની પત્નીએ સપ્તપર્ણ વૃક્ષ ઉપર નજર સ્થિર કરી. તેણે કમળ-તળાવની મધુ-માખીઓના ઝૂંડ વૃક્ષ પર બેઠેલ જોયા. તળાવના ભુરા જળમાં અનેક ચકલા ચકલીઓ આરામથી કીલ્લોલ કરતા હતા. તરંગવતીની નજર તેમના પર પડી. તેમની પ્રેમ-ક્રિડા નીહાળી તે ગંભીર વિચારમાં પડી. આ દૃશ્ય જોતાંજ તેના પૂર્વભવનું સ્મરણ થયું. તેમ થતાં જ તે અચેત બની ગઇ.

તરત જ સખીઓ શુશ્રુષામાં લાગી ગઇ. " શું થયું ? શું થયું ?" તેમ અવાજ આવવા લાગ્યા.

એ કન્યા કોણ છે ? તેની માહિતી જાણવાની જિજ્ઞાસા પ્રબળ બની

* * *

વત્સદેશની રાજધાની કૌશામ્બી ઈન્દ્રપુરી શોભાયમાન હતી. ત્યાંના રાજા ઉદયન—હૈહૈય વંશીય અને સંત તપસ્વીઓના પરમ ભક્ત તેમની ઉંમરના ઋષભસેન નામે શેઠ રાજવીના પરમ મિત્ર તેઓનું જીવન સત્યનિષ્ઠ અને નિષ્કલંક હતું. આઠ પુત્રો ઉપર એક પુત્રી— સંતાનમાં તે પુત્ર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

યમુના નદીની વિધિવત આરાધનાથી જન્મેલ. નદીના તરંગોની આરાધના અને ફળ શ્રુતી રૂપ આ રૂપવતી કન્યા. પરિણામે નામ રાખ્યું તરંગવતી.

૧૨ વર્ષની ઉંમરે નિષ્ણાત પંડિતો પાસેથી વિદ્યાઓ ગ્રહણ કરી, સર્વે કળાઓમાં પારંગત બની હતી, પુષ્પ કૃષિ કળા. વનસ્પતિ–શાસ્ત્ર, રસાયનશાસ્ત્ર તે તેના પ્રિય વિષય હતા. તેમાં તે ખૂબ પ્રવિણ હતી સર્વે સખીઓમાં સારસિકા તેની વ્હાલી સખી હતી.

* * *

સખીઓની સેવાથી તે સચેત બની ત્યારે નેત્રોમાંથી અશ્રુધારા વહેતી હતી. કમળપત્રના પાંદડાના દડિયામાં પાણી લાવી સખીઓ મોં સાફ કરતી હતી. ચેતનવંતી જોતા, સારસિકાએ પૂછ્યું, " હે સખિ! આ અકસ્માત કેમ? જરાયે છૂપાવતી નહિ સાફ સાફ જણાવ.

તરંગવતીએ કોઇને નહિ જણાવવાનું સારસિકા પાસેથી વચન લીધું પછી પોતાના પૂર્વજન્મની કથા તેને સંભળાવી

" પૂર્વજન્મમાં હું લાલ-પીળા પૂંછવાળી ચકલી હતી. મારો પતિ ચકલો–સ્વભાવે ચંચળ, સુડૌલ, ગોળ મસ્તકવાળો, આકર્ષક હતો. તે કુશળ તરવૈયો હતો. તેનો સ્વભાવ એક તપસ્વી જેવો. અમે એકબીજાનો વિયોગ એક ક્ષણ પણ સહી શકતા નહી. અમે હંમેશ સાથેજ હોઇએ.

એક દિવસ અમે અન્ય પક્ષીઓ સાથે ગંગામાં જળ કલ્લોલ કરતા હતા. ત્યારે સૂર્યની ગરમીથી પીડાતો એક હાથીએ ગંગાના જળમાં દાહ મીટાવવા પ્રવેશ કર્યો. તેની ઉચ્છૃંખલ જળ ક્રિડાથી ભયભીત બની હું મારા પતિની સાથે આકાશમાં ઉડી ગઇ હાથી સ્નાન કરી પાછો ફર્યો તે વખતે એક શિકારી ત્યાંથી નિકળ્યો. તેણે ઝેર પાયેલું તીર હાથી પર છોડયું. નિશાન ચૂકી જવાથી હાથી બચી ગયો પણ આકાશમાં ઉડતા મારા પતિને તે તીર લાગ્યું. તેની એક પાંખ કપાઇ જતાં, તે મૂર્છિત બની જમીન પર પટકાયો હું પતિની પાછળ જ ઉડતી હતી તેને જમીન પર પડતાં જોઇ હું બેભાન બની અને જમીન પર પડી જ્યારે હું સચેત બની ત્યારે મેં તે તીર તેના શરીરમાં ભોંકાયેલું જોયું. મોહ વશ બની મેં ચાંચથી ખૂબ પરિશ્રમ કરી તે બાણ શરીરમાંથી બહાર કાઢયું. મારી પાંખો વડે હું પતિને પંખો કરવા લાગી, પણ તે જડવત્ પડી રહ્યા.

ત્યારે પેલો શિકારી ત્યાં આવ્યો તેના મુખમાંથી પશ્ચાતાપના શબ્દો સરી પડયા. હે પ્રભો! તેના ભયથી હું આકાશમાં ઉડી ગઇ શિકારીએ કરગઠીયાથી ચિતા બનાવી તેના પર મારા પતિને રાખી, અગ્નિ સંસ્કાર કર્યા વિયોગના દુઃખથી મારી પીડા અસહ્ય બની, હું પણ બળતી ચિતામાં કૂદી પડી આ પ્રમાણે પતિની સાથે મેં પણ જીવન સમાપ્ત કર્યું." સારસિકા બોલી, "હે સખિ મારા પ્રારબ્ધમાં પણ આ તારી દુઃખભરી કરુણ કથની સાંભળવાની લખી હશે ને? પૂર્વે કરેલ કર્મના ફળ યથા સમયે ભોગવવા જ પડે છે.

* * *

તરંગવતીએ ઘેર આવી, પોતાના જ હાથે, પોતાના પૂર્વભવના કેટલાક ચિત્રો ચિતર્યા. અન્તિમ ચિત્રમાં, ચકલાની ચિતામાં, ચકવીની જલનનું ચિત્ર દોર્યું. એટલામાં કાર્તિક–પૂર્ણિમા કૌમુદી પર્વ આવી ગયું.

નગરશેઠની હવેલીના મુખ્ય દ્વારની સામે જ રાજમાર્ગ પર એક સુન્દર આંગણામાં તરંગવતીના દોરેલ ચિત્રોને ગોઠવી દીધા. જોનારના ભાવ જાણવામાં તરંગવતીએ પોતાની સખી સારસિકાને નિયુક્ત કરી. આ યુક્તિ દ્વારા તે પોતાના પૂર્વભવના પતિ (ચકલા)ને શોધવાનો ઉપક્રમ કરી રહી હતી. તેને વિશ્વાસ હતો કે ચકલો પણ આ પ્રકારે મનુષ્ય યોનીમાં હશે અને તે કોશામ્બીમાં હશે. તેમાં પણ આશ્ચર્ય નહિ તેથી હરેક પ્રકારની સમજણ આપી, સારસિકાને ચિત્રો પાસે રહેવાનો આદેશ આપ્યો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સવારે સારસિકા તરંગવતીને શુભ સમાચાર સંભળાવવા દોડી આવી. તેની પાસે સરકીને તે બોલી, "સખિ! તારા પૂર્વ ભવના પતિનો પત્તો લાગી ગયો છે. તારી આશા થોડાજ સમયમાં ફલસ્વરૂપ પામશે." તરંગવતી સમાચારથી આનંદ વિભોર બની ગઈ. અરે સખિ! તૂં મને વિસ્તાર પૂર્વક સકળ બીના કહે."

સારસિકાએ મધુરૂં હાસ્ય કર્યું. થોડો સમય તેને ખીજવતી રહી પછી કહ્યું, "ચંદ્રનો પ્રકાશ ફેલાવા લાગ્યો અને નગરજનોના સમુહ ચિત્રો જોવાને પડાપડી કરવા લાગ્યા. હું પ્રેક્ષકનાં મનો-ભાવ જાણવાને સજાગ રહી જોતી હતી એટલામાં સમાનવય વાળા મિત્રો સાથે એક યુવાન આવ્યો. અને ચિત્રોને ખૂબ લગન પૂર્વક જોવા લાગ્યો. એકાએક બેશુદ્ધ બની ભૂમિપર ઢળી પડયો. સાથી મિત્રો તેને ખુલ્લી હવામાં લઇ ગયા. આ સ્થિતિમાં હું પણ તેમની પાછળ ઉત્કંઠા યુક્ત ચાલી. યુવક સ્વસ્થ બન્યો. પણ તેની આંખોમાંથી આંસૂની સરિતા વહેવા લાગી. રૂંધાયેલા કંઠે બોલ્યો, "હે પ્રિયે! તૂં કયા હશે? કેવી રીતે મળશે? આ જિંદગીથી ચકલા-ચકલીની જિંદગી વધુ સુખકર હતી. કદિ વિયોગ ન હતો....

તેણે પોતાના પૂર્વભવની કહાની મિત્રોને કહી સંભળાવી. અન્તે મેં કહ્યું, "મારી જેમ તે પણ મનુષ્ય ભવમાં હશે અને મારા વિયોગથી તડપતી હશે," હવે જાણવું પડશે કે આ ચિત્રોનું નિર્માણ કરનાર કોણ છે?

હું તે યુવાનો પાસે પહોંચી. ત્યારે તે યુવકના સાથીએ મારી પાસેથી સઘળી વિગતો જાણી. મેં કહ્યું, "આ ચિત્રો-સત્યઘટના પર બન્યા છે; કલ્પના પર નહીં પછી મેં તે યુવક પાસેથી તેના મિત્ર વિષે માહિતી મેળવી લીધી.

તે મિત્ર યુવક પાસે જઇને બોલ્યો, "મિત્ર! ચિન્તા મત કર. તારી પ્રિયતમાનો પત્તો લાગી ગયો છે તે છે ઋષભસેન શેઠની પુત્રી તરંગવતી. તમને મેળવવા માટે તેણે આ ચિત્રોનું નિર્માણ કર્યું છે. અને રાજમાર્ગ પર રાખ્યા છે." આ સાંભળી, યુવકનો ચહેરો વિકસિત પુષ્પ જેમ ખીલી ઉઠયો. પછી તેઓ ચાલ્યા ગયા. હું પણ પૂરી જાણકારી પ્રાપ્ત કરી તેની પાછળ ચાલી આવી.

તે યુવાનના પિતા છે ધનદેવ શેઠ. વળી તે માતપિતાને એકલો લાડકવાયો. નામ પણ સુંદર-પદ્મદેવ. કામદેવ જેવો સુંદર અને પદ્મપુષ્પ જેવો મનોહર. બીના જણાવી સારસિકા ઘેર ગઇ.

બીજી વખત આવી ત્યારે એક નવા સમાચાર આપ્યા. આંસૂ સારતી તે બોલી, "ધનદેવ શેઠ તારા પિતા પાસે વિવાહના પ્રસ્તાવ સાથે આવેલ. પણ તારા પિતાએ કહ્યું કે તમારો પુત્ર વ્યાપાર નિમિત્તે સદા પરદેશમાં રહે—એવા યુવકને હું મારી પુત્રી લગ્નમાં ન આપું."

તરંગવતીએ સારસિકાને પોતાનો પત્ર આપી, કહ્યું, "મારા પૂર્વ ભવના પતિને કહેશે કે જેણે ચકલીના રૂપમાં પોતાનું જીવન ચિત્તામાં સમર્પિત કર્યું તે આ જન્મમાં શેઠ ઋષભસેનની પુત્રીના રૂપે છે. તેમને શોધવા જ આ ચિત્રો દોર્યા હતા અને પ્રદર્શન રાખ્યું હતું."

પાછા ફરી તરંગવતીએ તેના પ્રિયતમનો સંદેશો આપ્યો. "જો તાત્કાલિક મિલન થશે નહિ તો મારા જીવનની કોઇ આશા નથી તૂં યોગ્ય સમયે આવી જેથી આશા છે કે પ્રિયા સાથે મિલન થશે, હવે હું તેની પ્રતિક્ષા કરીશ.

પદ્મદેવે પણ એક પત્ર આપ્યો. તેમાં પૂર્વ-ભવની બીના હતી. આજે પણ હું તારો જ છું. જ્યાં સુધી તારા પિતાની અનુમતિ નહીં મેળવે ત્યાં સુધી વિયોગ અવશ્ય રહેશે.

રાત્રિની નિરવતામાં તરંગવતીની આકુળતા ચરમસીમા પર પહોંચી તે સારસિકા સાથે પદ્મ-દેવના ઘર તરફ ચાલી કેમકે પદ્મદેવ મારા પૂર્વ ભવના પતિ છે તેથી ત્યાં જવામાં કુળની લાજને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરી હાની થશે નહિ. મકાનના પાછલા ભાગમાંથી નીકળી પદ્મદેવના નિવાસે બન્ને આવી આતુરતાથી તરંગવતી પદ્મદેવ તરફ આવી પદ્મદેવે તેને આલિંગન પાશમાં બાંધી થોડીવાર પછી બન્ને અલગ થયા ત્યારે પદ્મદેવ અનિમેષ દૃષ્ટિથી તરંગવતીને જોતો રહ્યો તરંગવતી પણ લજ્જાઇને તેમને તેમ ઉભી રહી.

બન્નેએ રાતોરાત એ શહેરને છોડવાનો નિર્ણય કર્યો. યમુનાના ઘાટ પર એક હોડી બાંધેલ હતી. તેમાં બન્ને બેસી ગયા. પદ્મદેવે હોડી ચલાવી. પ્રવાહ વેગીલો હતો. યમુનાના જળ પર ઇશ્વરની સાક્ષીએ બન્નેએ ગાંધર્વ લગ્ન કર્યાં. હવે તેઓ યમુના પાર કરી ગંગામાં પહોંચી ગયા.

* * *

પૂર્વ દિશામાં અરુણોદય થઇ રહ્યો હતો. કિનારે હોડી નાંગરી, તેઓ ઉતર્યા ત્યારે સમીપના જંગલમાંથી નીકળી, કેટલાક લૂટારૂઓ તેમના પર તૂટી પડયા. તેઓ તેમને પહાડની એક ગુફામાં લઈ ગયા. ગુફાના મુખ આગળ અનેક ધ્વજાઓ ફરકી રહી હતી. તેમણે માન્યું કે ત્યાં કોઇ મંદિર હશે અંદર જઇને લૂંટારાઓએ તેમને સરદાર પાસે ખડા કર્યા.

સરદારે કહ્યું, "શરદ્-બલિ આપવા આ બન્ને કામમાં આવશે. નોમની રાત્રિએ તેમનું બલિદાન અપાશે."

સરદારનો આદેશ સાંભળી એક લૂટારો, તેમને લઇ ચાલી નીકળ્યો. તે એક ગુફામાં રહેતો હતો. પદ્મદેવને ગાઢ બંધનથી બાંધ્યો જેથી તે ભાગી ન શકે, ત્યારે તરંગવતીએ કહ્યુ, "મારા પતિ કૌશામ્બીના એક ધનિક વેપારીના એકના એક પુત્ર છે. હું તેમની પત્ની ઋષભસેન શેઠની પુત્રી છું. તમારી ઇચ્છા પ્રમાણે ધન મળશે. કોઇ માણસને અમારો પત્ર લઇને મોકલો. ધન મળે ત્યારે અમને છોડી દેજો."

પહેરગીરે કહ્યું, "એ સંભવિત નથી. શરદની નવમીને દિવસે આપ બન્નેનું બલિદાન આપવાનું સરદારે ફરમાન કર્યું છે બલિદાન ન મળે તો દેવી કોપે અને અમારો નાશ કરે." બીજા કેદીયોએ તરંગવતીને પૂછયું ત્યારે પૂર્વભવ સહિત તમામ હકીકત કહી.

પહેરગીરે આ વાત સાંભળી અને તેનું હૃદય દ્રવી ઉઠયું. તેણે પદ્મદેવના બંધન ખોલી નાખ્યા. અને કહ્યું, "હું આપને જીવન જાન જોખમે બચાવીશ. રાત્રિના શરાબ પીને બધાં લૂંટારૂઓ નાચ કરીને સૂતા ત્યારે તે પહેરગીર બન્ને સાથે લઇ, નીકળી પડ્યો. વન-માર્ગ વટાવી, જંગલ કિનારે આવીને કહ્યું. "હવે તમે ભય છોડીને, આગળ વધો આગળ ગામ છે. અમારાથી કષ્ટ અપાયું તે માટે ક્ષમા."

પદ્મદેવે તે પહેરગીરને ભેટીને કહ્યું, "તૂં અમારો પ્રાણરક્ષક છે. અમારી સાથે ચાલ જેથી તારા ઉપકારનો બદલો વાળી શકું." લૂંટારૂએ કહ્યું, 'અત્યારે તો આપલોક જાઓ. સંભવ હશે તો ફરી કયારેક મળીશ."

ખૂબ ખૂબ ચાલીને તેઓ એક તળાવ પાસે પહોંચ્યા તળાવ પાસેજ ગામ હતું. મન્દિરમાં તેઓએ વિશ્રામ લીધો. તે વખતે થોડે દૂર એક અશ્વ પર સુંદર નવજવાનને કેટલાક સૈનિકોસાથે તેમની તરફ આવતો નિહાળ્યો. તે સ્વાર મંદિરમાં આવ્યો ત્યારે તેની નજર પદ્મદેવ પર પડી સવારનું નામ હતું. કુલ્માષહસ્તિ તે પદ્મદેવના ચરણમાં પડયો અને કહ્યું,

નગરશેઠના ઘરમાં સારસિકાએ આપ બન્નેના પૂર્વભવનું બ્યાન આપ્યું અને તમે શહેર છોડી ચાલી નિકળ્યા છો તેમ જણાવ્યું નગરશેઠે વાત જાણી કે તરતજ દોડતા દોડતા આપના પિતાશ્રી પાસે આવ્યા અને કહ્યું,

"તમે મને માફ કરો. મેં આપને કઠોર શબ્દો કહ્યા હતા. ચાલો આપણા બન્ને તેમની શોધમાં માણસો મોકલીએ. તેથી ચારે તરફ માણસોને આપની શોધમાં દોડાવ્યાં."



For Private And Personal Use Only

પછી તે પદ્મદેવ અને તરંગવતીને લઇને કૌશામ્બીમાં આવ્યો. આ સમાચાર નગરમાં પહોંચતા, બન્ને શેઠે તેમનું અપૂર્વ સ્વાગત કર્યું ત્યારબાદ શુભ મુહૂર્તે બન્નેના લગ્ન ખૂબ ધામ-ધૂમથી કર્યા હવે સુખ પૂર્વક સમય વીતતો હતો.

એક દિવસ તેઓ બન્ને વસન્તની શોભા નિહાળતા હતા ત્યારે એક પથ્થર શિલા પર, અશોક વૃક્ષ નીચે એક મુનિરાજને ધ્યાનમાં વિરાજમાન જોયા. પતિ-પત્નીએ મુનિરાજની શીશ નવધા ભકિત કરી અને સામે બેઠા. ધ્યાનથી મુકત બનતા તેમણે બન્નેને મોક્ષ માર્ગનો ઉપદેશ કર્યો.

પદ્મદેવે વિનય પૂર્વક મુનિ મહારાજને દિક્ષા લેવાનું કારણ પૂછ્યું. થોડી પળો મુનિજી ચુપ રહ્યા. પછી બોલ્યા, "ચમ્પા નગરી પાસેના વનમાં કોઈ શિકારી રહે છે. હું તેમની ટોળીનો શિકારી હતો. બાણનું નિશાન લેવામાં ખૂબ કુશળ. એક દિવસ શિકારની તલાશમાં ભટકતા, દિવસ લગભગ પૂર્ણ થવા આવ્યો. ભૂખ્યો. તરસ્યો, ગંગા કાંઠે આવ્યો. ગંગામાંથી સ્નાન કરી હાથી પાછો ફરતો હતો તેનું નિશાન લઈ મેં બાણ છોડયું પણ નિશાન ચૂકી ગયો, તે બાણે ઉડતા ચકલાની પાંખ છેદી ચકલો જળ કાંઠે પડયો. લોહીથી ગંગાનું પાણી લાલ બન્યું. ચકલી રોતી રોતી, ચકલા ઉપર આમતેમ ઉડતી હતી. મેં કરગઠિયા એકઠા કરી ચિતા બનાવી. ચકલાને અગ્નિ સંસ્કાર કર્યા. ત્યારે ચકલી પણ ચિતામાં કૂદી પડી ચકલીના આત્મવિસર્જનનો ખૂબ પ્રભાવ મારા પર પડયો. હું આત્મઘાત માટે ચિતામાં બળી મર્યો.

અજાણતાં દુષ્કૃત્ય થઇ ગયું અને તેનો મને ખૂબ પસ્તાવો થયો. તેથી નરકના દુઃખ સહેવા ન પડયા. હું વારાણસી શહેરમાં એક ધનિક વેપારીનો પુત્ર બન્યો. મારૂં નામ રુદ્રયશ પડયું. થોડા સમયમાં મને કલાઓનું જ્ઞાન મળ્યું. પણ સોબત હતી ગંદી. પરિણામે અનેક દુર્ગુણનો ભોગ બન્યો. ચોરી કરતાં કરતાં જબરો લૂટારો થયો.

વિંધ્યાચળમાં ગહન વનમાં એક સિંહ ગુફા છે. ત્યાં હથિયારબંધ અનેક લૂટારાઓ રહે છે તેઓ મુસાફરોને લૂંટે છે. હું પણ તેમના દલમાં જોડાયો હતો. તેનો સરદાર મલ્લપ્રિય નામનો હતો.

એક દિવસ ગંગા કાંઠે એક દમ્પતિ પકડાઇ ગયા. સરદારે શરદનવમીના બલિ માટે રોકી દીધા. તેમની દેખરેખ મારે માથે આવી હતી હું તેમને મારે ઘેર લાવ્યો તે સ્ત્રીએ રડતે રડતે પોતાની આપવીતી વર્ણવી. ત્યારે મને પૂર્વજન્મનું સ્મરણ થયું. મેં જાણ્યું કે આ તો તે-બન્ને ચકલા-ચકલી

મેં તેમના પ્રાણ રક્ષાનો નિર્ણય કર્યો અને તેમને ગામ તક પહોંચાડ્યા. મને સંસાર પર વૈરાગ્ય આવ્યો મેં મુનિરાજ પાસે દીક્ષા લીધી. અને તપશ્ચર્યા દ્વારા કર્મ ખપાવું છું.

મુનિ મહારાજની કથા સાંભળી, બન્નેને વિતેલાં દુઃખનું સ્મરણ થયું. તેમને વિલાસી જીવન પર વૈરાગ્ય આવ્યો તેઓએ મુનિરાજના ચરણોમાં સર્વ નિવેદન કરી, દીક્ષા લીધી. અને ઘોર તપશ્ચર્યા કરવા લાગ્યા.

**"શ્રમણ" સૌજન્યથી**

---

**નોંધઃ—** વૈરાગ્ય મૂલક-પ્રેમ કાવ્યની પરંપરા ભારતવર્ષમાં કેટલી પ્રાચીન છે-આ તથ્યની પ્રતીતિ કરાવનાર સાક્ષ્ય શૃંખલાની એક કડી 'તરંગવતી' પણ છે. ભાવ-વિદગ્ધ-કાવ્ય સૌષ્ઠવ 'તરંગવતી'ની પ્રાણવાન કથામાં છે તેવું અન્યત્ર દુર્લભ છે. મૌલિક ગ્રન્થની કૃતિ કોઇ કવિએ સૂત્ર શૈલીમાં, અપભ્રંશ ભાષામાં પદ્યબદ્ધકર, કવિ-કુલ-કંઠેમાં જીવિત રાખી, પોતાની રચનાનું નામ 'તરંગવતી' આપ્યું.

તે સૂક્ષ્મરૂપ 'તરંગલેલા' ના રૂપમાં પ્રસિદ્ધ છે. તે કથાના લગભગ ૧૦૦૦ વર્ષો બાદ તૈયાર કરેલ છે. તેના રચયિતા વીરભદ્ર આચાર્યના શિષ્ય નેમિચંદ્રગણિ છે તેમણે પોતાના યશ નામના શિષ્ય માટે ૧૬૪૨ ગાથામાં આ ગ્રન્થની રચના કરી છે, શ્રી પાદલિપ્તસૂરીએ '**तरंग इकहा**' ની રચના દેશી વચનોમાં કરી હતી. વિક્રમની બીજી સદીમાં શ્રી પાદલિપ્તસૂરિએ 'તરંગવતી' નામનું અમર-પ્રાણ-પ્રેમકાવ્ય રચી, પ્રાકૃત સાહિત્યમાં નવી પરંપરા સ્થાપી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લલિતાંગ દેવ

હું ઉન્મત્ત નહિ બન્યો; નતો ચેતનો લુપ્ત થઇ. પણ કપાળ પરનું કુંકુમ તિલક અને કાનના કુંડલ અધિક તેજસ્વી બન્યા.

ક્રમશઃ હું સ્વયંપ્રભાના નિવાસ-કક્ષના દ્વાર પર ઉપસ્થિત થયો કક્ષની અંદરથી વીણાના સુર પ્રવાહિત બનીને આવી રહ્યા હતા. શિલાજતુની માદક ગન્ધ મારી નાસિકાને પૂરી રહી હતી. કક્ષનું સૌંદર્ય અનુપમ હતું, પણ સ્વયંપ્રભાને મારા નેત્રોની સમસ્ત દૃષ્ટિને ખેંચી લીધી હતી. દ્વાર પર ઉભીને હું તેના અપરૂપ સૌંદર્યને નિહાળી રહ્યો હતો. તેનો દેહ અત્યંત ધ્વલ પ્રભાના પુંજથી આવૃત હતો. તેને જોઇને મને ભ્રમ થયો કે તે દુધ-શાલીનમા નિમગ્ન અથવા રેશમી વસ્ત્રથી સમાવૃત અથવા દર્પણમાં પ્રતિબિમ્બિત અથવા શશીકાળના મેઘપુંજથી અન્તરિત ચંદ્રકલા હતી

પૂર્વના લલિતાંગના સ્મરણથી જે ગ્લાની થઈ હતી કે જે ઈર્ષા થઇ હતી તે મન્દાકિની ધવલ ધારાથી કલુષ ધુળ જેમ ધોવાઈ ગઇ. મને તે સમુદ્ર મંથન દ્વારા નીકળેલ લક્ષ્મી સમાન લાગી શંખને ફૂટીને, મોતીથી આકર્ષક કરેલ અને મૃણાલથી સંવૃત કરેલ સુધા-ચુર્ણથી ધોઇને, રજત રસથી લેપ કરીને, કુટજ-કુન્દ અને સિન્દુવાર પુષ્પોની ધવલ કાન્તિથી સજ્જ કરેલ હોય-તેવી મને જણાઇ અપલક હું સામે જોઇજ રહ્યો સ્વર્ગલોકમાં પલકો ઝપકતી નથી તેથી મને કશી બાધા નડી નહિ.

વિજળી બાદ બનેલ આ લોકની જેમ સ્વયંપ્રભાની સત્વા મારા નેત્રો સમક્ષ ઉભરવા લાગી. માણિકય જડિત કુંડળવાળી, જ્યોત્સ્ના રામ કિરણ પ્રસરાવતી, મૃદુહાસ્ય સહિત મને તે ખૂબ મનોહર લાગી મને જોતાંજ તેના મુખ ઉપર રમતું હાસ્ય જાણે કે પદ્મરાગિણીના થાલ પર મુકતાનું સ્વપ્ન હતું. માનસ સરોવરના શ્વેતરંગી હજાર પાંખડીવાળા કમળની શોભા હતી, વિમુગ્ધ બની હું રૂપ-સુધાનું પાન કરવા લાગ્યો.

સ્વયંપ્રભા ઉઠીને ઉભી થઈ પછી મરાલગતિથી ચાલતી મારી સમક્ષ આવીને તેણે મારા ખભા પર હાથ મૂકયો મારૂં સમગ્ર શરીર રોમાંચ અનુભવી રહ્યું તેના નેત્રો જોતા, મને લાગ્યું કે તે મારી એક વખતની સ્વયં પ્રભા નથી પણ કેટલાયે જીવનની સ્વધર્મ ચારિણી છે

સ્મૃતિ પટ પર ઉત્તર કુરૂક્ષેત્રમાં યુગલ રૂપ ખડું થયું. સીતા નદીના ઉત્તર કિનારા પરનું જમ્બૂવનનું કેડું અદ્ભુત સ્થાન! તે સમયે કુરુક્ષેત્રની માટી સાકર સમી મધુર હતી. જળ હતું શરત્કાલિન ચંદ્રિકા સમ નિર્મળ એ સમયે અમારે કોઇ ચીજ જરૂરત ન હતી. કોઈ ચીજનો અભાવ ન હતો.

એક દિવસ અમે આજ પ્રમાણે એક બીજા તરફ વિમુગ્ધ બની ઉભા હતા. ઉપર હતો પૂર્ણિમાનો ચંદ્ર નીચે હતી સ્વચ્છ જળવાળી કલ્લનાદિની સીતા હવા હતી માદક આજ રીતે તે દિવસે સ્વયંપ્રભાને મારા ખભા ઉપર હાથ રાખેલ,

હું તેના નેત્રોમાં મારૂં પ્રતિબિંબ જોઈ રહ્યો હતો. તેમાં ડૂબી રહ્યો હતો; જાણે કે તેના નેત્રો અતલ સમુદ્ર હતા તે દિવસની જેમ આજે પણ હું તેના નેત્રોમાં ડૂબતો હતો ફૂલોની સુગંધ જેમ દક્ષિણી પવન વહેતો હતો મેં અનાયાસે તેને આલિંગન બદ્ધ કરી, શય્યા તરફ લઈ ગયો.

ત્યારબાદ અનેક દિવસ અને રાત્રિઓ વીતી કારણકે શ્રીપ્રભ વિમાનમાં ચંદ્ર-સૂર્યની ગતિ નથી ઋતુ વર્ષ માસ પણ નથી ત્યાં છે ફકત વર્તમાન આ વર્તમાનમાં અમે એક-સા બની રહ્યા હતા. આવા અવર્ણનિય આનંદમાં હું દૂરના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મૃત્યુલોકની વાત એકદમ ભૂલી ગયો અભૂતપૂર્વ સુપ્તિ અને જાગરણ વચ્ચે મારો સમય વીતવા લાગ્યો.

આ સમયે હુ વસ્તુના પરિણમનને ભૂલી ગયો. અમારૂં આયુષ્ય ક્ષીણ થતું હતું. સ્વયંપ્રભા મારા પહેલાં જ અહીં ઉત્પન્ન થઇ હતી. સંભવતઃ તેનું પુણ્ય અને આયુષ્ય સ્વલ્પ રહ્યા હતા. હું વિલાસ અને વ્યસનમાં એટલો ડૂબ્યો હતો કે વિચાર કરવાની કે દૂર જોવાની દૃષ્ટિ ગુમાવી હતી. કેમકે એકાએક જ્યારે તેના ચ્યવનનો સમય આવી લાગ્યો ત્યારે મને કશી ખબર ન પડી. તેની પુષ્પ-માળા મ્લાન બની હતી. તારુણ્ય તેજ ઝાંખું પડ્યું હતું! છતાં તે મારી જાણ બહાર રહ્યા. એક સમયે જેમ હથેળીમાંનું જળ અંગુળીઓના છિદ્રોથી નિકળી જાય તેમ ત ઝરી ગઇ. તેણે સ્વર્ગથી વિદાય લીધી છે-તે પણ મેં ન જાણ્યું. જાણ્યું કે તે બાહુબન્ધમાં નથી. તેના અભાવથી હુ વ્યાકુળ બન્યો. સર્વ શૂન્ય અને નીરસ લાગ્યા, તે સમયે પણ નહિ સમજાયું કે વાસના અને આકાંક્ષાથી અતૃપ્ત રહેવા છતાં, અમારી લાખો વર્ષની આયુષ્ય વીતી ગઈ છે. સ્વયંપ્રભા વિના ચારે બાજુ અંધકાર જ જણાતો, સર્વાંગો કંપવા લાગ્યા. પવનથી છેદાયેલી કેળ સમ હું કુટ્ટિમ-તળ પર મુર્છિત બની ઢળી પડ્યો.

શ્રી પ્રભવિમાનમાં આ ઘટના અભૂતપૂર્વ હતી, કારણ કે અહીં વેદના કે શોક નથી-હોય છે ફક્ત હર્ષ સ્વર્ગોચિત મારે કોઇ બીજી દેવાંગનાને કદી આશ્લેષમાં ગ્રહણ કરવી જોઈતી હતી પણ નથી ખબર કે આ મારૂં દુર્ભાગ્ય કે સૌભાગ્ય હતું કે જેથી હું મૃત્યુલોકની વેદના ભૂલી શક્યો ન હતો. આજ વેદનાથી હુ અનન્ય બન્યો હતો. મારી મુર્છા સમયે શું કરવુ તે દેવાંગનાઓને ન સુજ્યું. આ અચેત દેહનું શું કરવું? છેવટે અવધિજ્ઞાનથી મૃત્યુલોકની વાત જાણી. સુર સરિતાનું જળ તેથી છાંટ્યું. મને ચેતના મળી. હું બેઠો થયો. પણ સ્વયંપ્રભાને ન જોતા હું રડી પડ્યો દેવાંગનાએ આંસૂઓ જોયા ન હતા. તેથી તેમને મુકતા માળના ખરેલ મોતી માની પોતાના હાથમાં ગ્રહણ કરવા લાગી.

સ્વયંપ્રભા વગર હું ઉન્માદી બન્યો. હું મારી જાતને પણ ભૂલી ગયો. જો મેં અવધિજ્ઞાનનો પ્રયોગ કર્યો હોત તો સ્વયંપ્રભા ક્યાં છે તે જાણી શકત. ઉન્માદમાં દરેક કક્ષામાં ઉદ્યાનમાં, નદી તટપર, ગિર-કન્દરામાં તેને શોધતો ફરતો હતો. સહસા ખ્યાલ આવ્યો કે કોઇએ તેનું અપહરણ તો નહિ કર્યું હોય? ભૂતકાળની એક ઘટના સ્મૃતિપટ પર ખડી થઇ

એ હતો ચૈત્ર માસ અચ્છોદ સરોવરમાં પુષ્પો ખીલ્યા હતા. સરોવરમાં હંસો વિચરી રહ્યા હતા આમ્રની કોમળ કલિકાઓ ઉત્સુક મનને વધારે ઉત્સુક બનાવતી હતી. મદમસ્ત મહિલાઓના મુખ જળથી બકુલ-વૃક્ષ પુષ્પધારી બનતા હતા. મધપાનથી મસ્ત ભમરાં ને માખીયો લતાના હિંડોળે ઝુલતા હતા. કોયલ ટહુકારથી પ્રેમી-હૃદયો ને સ્પન્દિત કરતી હતી. હું આ કિનારે સ્વયંપ્રભા સાથે ફરી રહ્યો હતો. કલકંઠી સ્વયંપ્રભા બોલી ઉઠી "પ્રિય! જુઓ, જુઓ અને પુષ્પવાળી વેલ પાસે જઈ ઉભી રહી. ત્યાથી તે આમ્રલતા પાસે પહોચી મલય પવન આમ્રલતાને આલિંગન કરી રહ્યો હતો. હું પણ હાથ લંબાવી સ્વયંપ્રભા તરફ અગ્રસર થયાં તે દોડીને કુંજ ગલ્લીમાં અદૃશ્ય થઇ ગઇ.

આ સમયે મેં આર્ત સ્વર સાંભળ્યો, રક્ષા કરો, રક્ષા કરો, હું જલ્દી ત્યાં પહોંચ્યો. જોયું તો એક વેષધારી નાગકુમારે સ્વયંપ્રભાને પકડી હતી જેવું મેં વજ્ર ઉગામ્યું કે તરત જ સ્વયંપ્રભાને છોડી, નાઠો, અને અચ્છોદ સરોવરમાં ગાયબ થઇ ગયો. હું પણ પાછળ પડ્યો. હું તેને ન પકડી શક્યો કેમકે તે સર્પ બની નાગ લોક તરફ નાસી ગયો હતો મેં વિચાર્યું કે આજે પણ આવી જ ઘટના કેમ નહિ બની હોય?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ એ શક્ય ન હતું કારણ કે રક્ષકો હંમેશ રક્ષા કરતા હતા.

મનના આવેગને વશ બની, મેં આ દૃશ્ય ફરી જોયું. હવે મને શ્રીપ્રભ વિમાનથી નીકળેલ નીલમણિ પ્રભા કિરાન વેશધારી નાગકુમાર અને વૈડુર્ય મણિના કિરણ સ્વયંપ્રભા શા પ્રતિત થવા લાગ્યા. "અરે એ દુષ્ટ? શું વિમાનથી સ્વયંપ્રભાને તૂં હરણ કરી જાય છે?" એમ કહી, વજ્ર ઉછાળી, તે દિશામાં હું દોડયો. પણ બીજી જ ક્ષણે મને મારી ભૂલ સમજાઈ. હું શોકગ્રસ્ત બન્યો.. વિચાર્યું. કદાચ મારાથી કોઇ કારણસર ગુસ્સે થઇ હશે. એક દિવસ મેં ચિત્રલેખાનો પક્ષ લીધો ત્યારે એમ બન્યું હતું. ગુસ્સે થઈ, તે કયાંય છૂપાઇ ગઇ હતી.

સ્વયંપ્રભાના ક્રોધથી લાલ સજળ નેત્રો મારી ચક્ષુઓ સમક્ષ ખડા થયાં. પણ તે મારા વગર વધુ સમય ક્રોધાવેશમાં રહી શકી ન હતી તેથી નવા ઉત્સાહમાં આવી તેને શોધવા લાગ્યો.

પારિજાતિક વનોની કુંજોમાં રક્તવર્ણ નવકન્દલીના ફુલો જોયા તેના પર જળ બિન્દુ શોભતા હતા. તે જોવા લાગ્યા મારી સ્વયંપ્રભાના ક્રોધ રક્ત સજળ નયનો સમા. શુ તે આ રસ્તે ગઈ હશે? હાય! દેવતાના ચરણ ભૂમિને સ્પર્શતા નથી. નહિતર આ ભૂમિપર તેના ચરણચિન્હો અંકિત થયા હોત, "ખેર"

આ વખતે મને તેની નીશાની મળી તેની કંચુકી વસ્ત્ર નજરે પડ્યું. મેં તે ઉઠાવ્યું ત્યારે મારો ભ્રમ તૂટ્યો. તે તો હતી ઈન્દ્રગોપ તૃણ સહિત દુર્ગારાજિ. ફરી વિષાદ ગ્રસ્ત બન્યો. તેવામાં મોરને કેકારવ કરતો જોયો મેં તેને પૂછ્યું, "હે મયૂર રાજ! મારી હૃદયરાણીને જોઇ?" પણ જવાબ ન મળ્યો. તેણે પાંખો ફેલાવી નાચવાનું શરૂ કર્યું. મને ક્રોધ ચડયો. હું એના આનંદનું કારણ સમજી ગયો સારા પ્રિયતમાનો સુંદર કેશકલાપ, પવનમાં આમતેમ ફરકતો કેટલો સુશોભિત હતો? આજ તે શોભાવાળી સ્વયંપ્રભા નથી. તેથી પ્રતિપક્ષી હાર પામેલ જાણી કદાચ તે આનંદમાં હશે. જે દુઃખમાં આનન્દિત હોય તેને પૂછવાનું શુ?

ત્યારે કોયલનો ટહુકાર કાને પડયો. "આને કેમ ન પૂછું?" તેથી હાથ જોડી, સમીપ પહોંચી બોલ્યો, "મધુરવચની પરભૃતે! તેં મારી પ્રિયાને જોઇ છે? કામીગણ તને મદનની દૂતી કહે છે. મને મારી પત્ની પાસે લે ચલો." પણ જવાબ ન મળ્યો. મધુર ભાષિણી પર ક્રોધ શાને?

દુઃખના બોજા સાથે સરોવર કાંઠે પહોંચ્યો સ્વચ્છ જળમાં હંસો વિચરતા હતા. મારી પૃચ્છા પર ધ્યાન ન આપતાં, તેઓ આમ તેમ જોતા હતા છતાં મેં વિનંતી સાથે પૂછ્યું, "મન્થર ગતિ વાળી મારી પત્નીને તમે જોઇ છે?" પણ જવાબ આપ્યા વગર તેઓ ઉડી ગયા પછી હું ચક્રવાક પાસે પહોંચ્યો મેં પૂછ્યું, "કુળ ધન્ય મારી પ્રિયતમા તેં જોઈ છે?" પણ પ્રત્યુત્તર ન મળ્યો. ભ્રમરાનો ગુંજારવ સાંભળતા મેં પૂછ્યું, "હે મધુકર! ખંજનથી મદભર્યા નેત્રવાળી મારી પ્રિયા તેં જોઇ છે?" તેં જોઈ લાગતી નથી, નહિતર તેના મુખ સૌરભના પાન કરી તૂં કમળ પર બેસતે નહિ. હાથી અને હાથણીને જોઇને પૂછયુ, "પૂર્ણ ચંદ્ર સરખી મારી પત્નીને જોઇ છે?" પણ હાથી તો સૂંઢથી એક શાખા તોડી પોતાની પત્નીને ખવરાવવા લાગ્યો. "હવે હું કયાં જાઊ? અરે આતે ગિરિશ્રેણી! કેવી સૌરભપૂર્ણ તેની કન્દરાઓ! ગિરિરાજને પૂછુ? પ્રશ્નનો ઉત્તર ન મળ્યો."

ફરતાં ફરતાં હું થાકયો તેથી ગિરિઝરણીના કાંઠે જઇને બેઠો. તેનેજ સ્વયંપ્રભા માની ક્રોધ દૂર કરવા વિનંતી કરી; પણ વ્યર્થ આ સ્વયંપ્રભા નથી. જો હોત તો મારી દયનીય સ્થિતિ જોઇને જવાબ આપત.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મારી નજર હરણ પર પડી હરિણી તરફ એકીટશે જોઈ રહ્યો આને પૂછું ? પણ હરણે મારી તરફ જોયું પણ નહિ જયારે વિધાતા વામ બને છે ત્યારે સહુ વિમુખ બને છે. ત્યાંથી પર્વત શિખર પર પહોંચ્યો આત્મ હત્યા કરવા તૈયાર થયો ત્યારે થોડે દુર સંગીત સમો કંઠ મારે કાને પડયો. મહાસત્વ ! આપ આ શું કરો છો ?

(ક્રમશ)

## ઉચ્ચ શિક્ષણ માટે સહાય

એસ. એસ. સી. કે સમાન કક્ષાની પરિક્ષા પછી કોલેજમાં ઉચ્ચ અભ્યાસ કરનાર શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને શ્રી સારાભાઇ મગનભાઇ મોદી ઉચ્ચ અભ્યાસ શિષ્યવૃત્તિ ટ્રસ્ટ ફંડમાંથી પૂરક આર્થિક સહાય ટ્રસ્ટ યોજનાના નિયમાનુસાર લોન રૂપે આપવામાં આવે છે. તે માટેનું નિયત અરજી પત્રક ૫૫ પૈસાની ટપાલ ટિકિટ મોકલવાથી મળશે. આ ફંડમાંથી સહાય લેવા માટે અરજી કરનારે એસ. એસ. સી. પરિક્ષા સંસ્કૃત કે અર્ધમાગધી સાથે ઓછામાં ઓછા ૪૫% માર્કસ મેળવી પસાર કરેલી હોવી જોઇએ.

## માધ્યમિક શિક્ષણ અંગે સહાય

માધ્યમિક શિક્ષણ (ધોરણ ૮ થી ૧૦) માટે શ્રી સારાભાઇ મગનભાઇ મોદી લોન સ્કોલરશીપ ફંડમાંથી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને લોન રૂપે સહાય આપવામાં આવે છે. તે માટેનું નિયત અરજીપત્રક ૩૦ પૈસાની ટપાલ ટિકિટ મોકલવાથી મળશે.

## કન્યા છાત્રાલય શિષ્યવૃત્તિ

શ્રી મહાવીર જૈન વિદ્યાલય દર વર્ષે કોલેજમાં શિક્ષણ લેતી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન બહેનોને શિષ્યવૃત્તિ આપે છે. તે માટેના નિયત અરજીપત્રકની કિંમત ૫૦ પૈસા છે. ટપાલથી મંગાવનારે ૩૦ પૈસા વધુ મોકલવા.

ઉપરોક્ત સહાય અને શિષ્યવૃત્તિ અંગેના અરજીપત્રકો સ્વીકારવાની છેલ્લી તા. ૩૦ જૂન છે. અરજીપત્રકો મેળવવાનું તથા મોકલવાનું સરનામું : **શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ—૪૦૦૦૩૬**

## સ્વર્ગવાસ નોંધ

ભાવનગરની નગરપાલિકાના માજી પ્રમુખ ડો. જસવંતરાય મૂળચંદભાઇ શાહનું નિધન તા. ૨૪-૫-૮૩ના રોજ થતાં શ્રી જૈન આત્માનંદ સભામા સમિતિ સભ્યોનો પરિવાર દુઃખ અનુભવે છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. સંસ્થા પ્રત્યેની શુભ લાગણી તેમજ સંસ્થાના ઉત્કર્ષમાં અપૂર્વ હર્ષ તેઓએ અનેકશ પ્રકટ કર્યો હતો. તેમજ ઊંડી કાર્ય સૂઝ, હૃદય સરળતાં, ચિંતાનો અભાવ પ્રશંસાપાત્ર હતો. તેમના સ્વર્ગવાસથી સંસ્થાને ઘણીજ ખોટ પડી છે. પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાન્તિ અર્પે તેવી પ્રાર્થના.

—શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

अहिंसा परमो धर्मः ।

# ગૌવંશની રક્ષા અને આપણી ફરજ

આપને સુવિદિત છે કે પૂ. વિનોબાજીની સલાહથી મુંબઈના દેવનારના કતલખાના ઉપર સત્યાગ્રહનો પ્રારંભ ૧૧-૧-'૮૨થી થયો છે. તેને માટે આજથી સવા વર્ષ પહેલાં એક અપીલ લઈને અમે આપની સમક્ષ આવ્યા હતા. આપ સર્વેના સહજ સ્નેહ અને સહકારના બળ પરજ આ સત્યાગ્રહ લગભગ પંદર મહિનાઓથી અનવરત પણે ચાલી રહ્યો છે. તેની ગતિ જરા પણ મંદ પડી નથી અને પ્રવાહ સતત ચાલુ રહ્યો છે.

દેવનાર કતલખાના ઉપરનો આ સત્યાગ્રહ સંભવતઃ આજ સુધી થયેલાસત્યાગ્રહોમાં વધુ લાંબો, સમય અને વધુ લોકપ્રિય રહ્યો છે. જાહેર જનતા તરફથી તેમાં અમને અપાર સહકાર અને સહાનુભૂતિ સાંપડયાં છે. એ પણ હકીકત છે કે દેશના ખૂણે ખૂણેથી આવતા હજારો સત્યાગ્રહીઓના ભોજન નિવાસ તથા મુસાફરી વિગેરેમાં લગભગ દસ લાખરૂપિયાનો ખર્ચ થઇ ચૂકયો છે. સન્યાસીઓ, સદ્ગ્રહસ્થો, બ્હેનો તથા ભાઇઓના આગ્રહથી અને સંત વિનોબાજીના આત્મત્યાગથી મહારાષ્ટ્રની સરકારમાં કરૂણાનો અવિર્ભાવ થશે અને ઓછામાં ઓછું ગાય, બળદ અને વાછરડાંની ગેરકાનુની કતલ બંધ કરવામાં આવશે. પરન્તુ જેટલો ઉપચાર કરવામાં આવ્યો. તેથી બિમારી વધારે પ્રમાણમાં ફેલાતી ગઈ. આશ્ચર્ય તો એ વાતનું છે કે આ સત્યાગ્રહ છતાં નથી ગોવંશની ગેરકાનુની હત્યા રોકવામાં આવી નથી સરકારની મનોવૃત્તિમાં કોઇ પરિવર્તન થયું.

આ સંજોગોમાં વિવશ થઈને અમે ફરીથી આપના દરવાજા ખટખટાવવા આવ્યા છીએ. કૃપા કરી આપ અમારા સત્યાગ્રહને પૂનઃ પ્રેરિત કરીને પ્રોત્સાહન આપો અને તેના ઉપદેશનો વ્યાપક પ્રચાર કરો આપના સક્રીય સહકાર વિના આ સત્યાગ્રહ કેવી રીતે યશસ્વી બની શકે! પ્રભુની કૃપા, જનસહયોગ અને સંપન્ન ભાઇઓને-બ્હેનોની સહાનુભૂતિ પરજ અમારા સર્વે પ્રયાસો આગળ વધી શકે તેમ છે. જ્યાં સુધી અમને લાગે વળગે છે ત્યાં સુધી અમેતો તન, મન અને ધનથી આ યજ્ઞમાં અમારી આહૂતિ આપી રહ્યા છીએ. અને જયાં સુધી સારાએ દેશમાં ગોવંશની ગેરકાનુની હત્યા બંધ ન થાય ત્યાં સુધી આરંભેલા યજ્ઞો ચાલુ રાખવા માગીએ છીએ.

આ સત્યાગ્રહ, પૂ. વિનોબાજીના સાન્નિધ્યમાં વર્ષોથી અંતેવાસી થયેલા શ્રી અચ્યુત દેશપાંડેના નેતૃત્વમાં ચાલી રહ્યો છે દેશનાં વિભિન્ન પ્રાન્તોના સ્વયંસેવકો તેમાં અવિરત રીતે ભાગ લઈ રહ્યા છે. ભવિષ્યમાં પણ તેમના માર્ગદર્શન નીચે આ સત્યાગ્રહ ચાલશે. કારણ કે સારાએ દેશમાં સત્યાગ્રહ સંચાલન પદ્ધતિ અને શક્તિ વિષે તેમનાથી વિશેષ જાણકાર કોણ હોઈ શકે? અને આ કારણેજ દેશના તમામ ગૌ સેવકો અને અન્ય સહાનુભૂતિકરોનો પૂરેપૂરો સહયોગ મળી રહ્યો છે.

આપ પણ આપણા રાષ્ટ્રિય યજ્ઞમાં પ્રેમથી સામેલ થઈ જાઓ. આપ જાણો છો કે આવા કામો લોકોની દાનગંગા શિવાય આગળ વધી શકતાં નથી. માટેજ સમાજના સાધન સંપન્ન ભાઇઓ-બ્હેનો, ધર્માદા ટ્રસ્ટો, જૈન સંઘો, અને એસોસીએશનોને, અમારી નમ્ર વિનંતિ છે કે મન મોકળુ કરીને ખૂલ્લે હાથ દાન દઇને સત્યાગ્રહની આ પવિત્ર જ્યોતને પ્રજ્વલિત રાખવા આપની સંપત્તિનો સદુપયોગ કરો. કહ્યું છે કે "દાનકિયે ધન ના ઘટે જો સહાય રઘુવીર."

ભારતીય વિદ્યાભવન
ચોપાટી મુંબઈ ૪૦૦૦૦૭
ફોન : ૩૬૬૭૧૩

તુલસીદાસ મ. વિશ્રામ
(કાર્યાલય)
અખિલ ભારત કૃષિ ગો સેવા સંઘ

નોંધ :- અખિલ ભારત કૃષિ ગો સેવા સંઘને મળતાં દાન (૮૦ %) કરમુક્ત છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મારે નિર્ભય બનવુ છે !

**–પંન્યાસપ્રવરશ્રી ભદ્રગુપ્તવિજયજી ગણીવર**

હું કેવી રીતે નિર્ભય બનું ?

–જડ/ચેતન પદાર્થોની અનંત અપેક્ષાઓએ અંતઃકરણના ખૂણેખૂણાનો કબજો લઈ લીધો છે.... અપેક્ષાઓની માયા–મરિચિકામાં મન પાગલ બનીને અટવાઈ ગયું છે.

–મનને દ્વૈત ગમે છે ! અદ્વૈતને અસંભવ.... અશકય માની બેઠો છું ! વ્યવહાર મારગ પર મન માઝા મૂકીને દોડે છે ભટકે છે....સ્વભાવજ જાણે દ્વૈતમાં ડહોળાઈ ગયો છે !

કંઈક છુપાવવાની વૃત્તિ છે. કંઈક દેવું છે. કંઈક લેવું છે. કર્તૃત્વનું અભિમાન ઉછાળા મારે છે....મન આ બધી વાતોમાં વહેંચાઈ ગયું છે.... મનની મથામણ.... મનની અથડામણ મનનું ભટકવાનું ચાલુ જ છે !

મોહ સેનાથી ઘેરાયેલો છું ! મોહ સેનાને શત્રુસેના માનવાયે તૈયાર નથી ! પછી વળી એની સામે મોરચો માંડવાની કે સામી છાતીએ લડવાની તો વાતજ કયાં ? લડવા માટે જે બ્રાહ્માસ્ત્ર જોઈએ. એ કયાં છે મારી પાસે ? અરે, પણ મારે લડવું છે જ કયાં ?

મેં મારો સહજ સ્વાભાવિક આનંદ ખોઈ નાંખ્યો છે ! મારા આનંદ ના વૃક્ષને તો આજે અસંખ્ય ભયના સર્પ વીંટળાઈ વળ્યા છે ! હું આંખો ખોલીને જોતો જ નથી ! મારા આનંદવૃક્ષને ભયના સર્પોથી મુક્ત કરવાનો વિચાર પણ મને કયાં સૂઝે છે? પછી હું કેમ કરીને જ્ઞાન-દૃષ્ટિરૂપી મયૂરીને મારા આત્મવનમાં ખેંચી લાવું ?

મોહના ગડદાપાટુ મને પ્રહારરૂપ લાગતા નથી! મને તો એ જાણે ઘરેણા ભાસે છે ! મોહવૃત્તિ અને મોહજનિત પ્રવૃત્તિ મને ગમે છે... પછી હું વળી શા માટે આત્મજ્ઞાનનું કવચ મારા શરીર પર ધારણ કરૂં ?

આત્મજ્ઞાનના અભાવમાં ભયનો ઝંઝાવાત મને દૂર ગગનમાં ઝીંકી દે છે? હું વ્યાકુળ છું.... વ્યથિત છું.... ભયથી બચવા માટે ફાંફા મારૂં છું.... પરમાત્માને પોકાર પાડું છું....

ચિત્તમાં ચરિત્ર નથી.... નજરમાં જ્ઞાનનું અંજન નથી. હૃદયમાં શ્રદ્ધાનો છાંટો નથી.... હું ભયમુકત કેમ કરીને બની શકું ? હું વિવાદ અને વિખવાદથી પર કેમ થઇ શકું આવી હાલતમાં ?

જો મારે નિર્ભય બનવું છે.... આત્માનંદની અનુભૂતિને ઉઘાડવી છે... આ જો મારો અફર નિર્ણય હોય તો મારે અદ્વૈતના આરાધક બનવુંજ પડશે ! દ્વૈતની આળપંપાળ'અળગી મૂકવી પડશે.... મારે મારા સ્વભાવને જ અદ્વૈતનો ઓપ આપી દેવો પડશે !

ભયની ભુતાવળોથી ત્રાસેત ભોગસુખોની ભૂખને ભાંગવી પડશે.... ભુખના દુઃખને ભુલવું પડશે ! મનને નિરપેક્ષ અપેક્ષા–આકાંક્ષાથી રહિત કરવુંજ રહ્યું ! 'સંસારના એકે એક સુખના ટુકડાની અંદર ભયના અંગારા ધરબાયેલા છે. આ સત્યનો સ્વીકાર કરીને મનને સંસારી સુખોની જાળમાંથી બચાવવું પડશે !

મારી પાસે એવી કોઈ વસ્તુના જોઇએ એવી કોઈ વાત મારા જીવનમાં ના જોઈએ કે જે મારે છુપાવવી પડે.... સંતાડવી પડે ! મારૂ જીવન ખૂલ્લી કિતાબના જેવું જોઇએ.... જે કોઈ વાંચવા માંગે, વાંચીલે..જે કંઈ જોવા માંગે જોઇલે ! જીવન કિતાબના એક એક પાના ઉઘાડા રાખવાં પડશે !

'મારે બીજા પાસેથી કંઈક મેળવવું છે,' આ વિચાર પણ નહી જોઇએ ! 'મારે બીજા પાસેથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રાપ્ત કરવુ છે....' આ વિચારને વિખેરી દેવો રહ્યો! સંસારની સાથે લેવા દેવાનો વ્યવહાર કેવળ વ્યવહાર બની રહે! મન એ વ્યવહારની વળગણોથી વેગળું રહે!

મારે સંસારના બધાજ જડચિતન પદાર્થોને જ્ઞેયના રૂપમાં જોવા પડશે! રાગ દ્વેશના ચઢાવ્યા વગર માત્ર દૃષ્ટીભાવથી જોવાની કલા મેળવવી પડશે! મારે માત્ર જ્ઞાતા બની રહેવું પડશે!

જ્ઞાતા બનવા માટે 'જ્ઞાન દૃષ્ટિ' જોઈએ! 'જ્ઞાન દૃષ્ટિ હું કયાંથી મેળવું? શાસ્ત્રોમાંથી? ધર્મગ્રન્થોમાંથી? પણ શાસ્ત્રોના અર્થઘટનામાંયે કેટલા બધા મતભેદો વરતાય છે? શાસ્ત્રો જાણે શસ્રો બની ગયા છે.... કોરા કહેવાતા પંડિતો હાથોમાં આવીને! એજ ધર્મગ્રંથોના માધ્યમથી વ્યવહારને પોષવામાં આવે છે.... દ્વૈતની દુહાઈ દેવામાં આવે છે. વ્યવહારેય પાછો અશુદ્ધ.... અશુભ! માત્ર વિધિ-વિધાનો અને વાદવિવાદોનો વાચાળતામાં શાસ્ત્રવેત્તાઓ હૂંસાતૂંસી કરી રહ્યા છે!

જ્ઞાનદૃષ્ટિ પ્રગટ થાય છે વિશુદ્ધ ચારિત્રમાંથી! એ ચારિત્ર ચિત્તમાં હોવું જોઇએ! મારા ચિત્તમાં ચારિત્ર છે કયાં? મારા દેહ પર ચારિત્રના ઉપકરણો છે.... ને મારા ચિત્તમાં તો અસંયમની ગંદકી ભરી પડી છે! અસંયમમાં વળી જ્ઞાન દૃષ્ટિના ઉઘાડ થાય કેવી રીતે? ત્યાંતો અજ્ઞાનજ દેખા દે છે!

ચિત્તમાં ચારિત્રના ખીલી ફૂલો ઉઠે તો બેડો પાર થઇ જાય! દૃષ્ટિમાં/વિચારોમાં/વિચારવાનાં દૃષ્ટિકોણમાં જો પછી જ્ઞાનના દીવા ઝળહળી ઉઠે તો પછી બીજું જોઇએ પણ શું? આખું અસ્તિત્વ રોશનીની ગંગામાં નહાઇ ઉઠે! નિરંતર પ્રકાશનો ધોધ વહ્યાજ કરે!

નિર્ભય ત્યારેજ બની શકું! બનવુ છે પણ ખરા! નિર્ભય બનવાની રીત બહુ સહેલી નથી રીત ઘણી કઠોર છે. શરતો કેવી આકરી છે? હું તો તન મન નો કમજોર છું.... આ શરતોને પાળુંય કેવી રીતે?

નિર્ભયતાનો માર્ગ જરૂર મારા મનને ગમે છે/પસંદ પણ છે.... પણ એ માર્ગે ચાલવાની તાકાત નથી મનની પાસે! શું કોઇ બીજો સહેલો સીધો રસ્તો નહી હોય આ કાળમાં? કરૂણાવંત સર્વજ્ઞ ભગવંતોએ આ કળિકાળના જીવોના માટે નિર્ભયતા મેળવવાનો બીજો કોઇ રસ્તો ચીધ્યો તો હશે જ.

પરમ કરૂણાવંત સર્વજ્ઞ પરમાત્માની સંપૂર્ણ શરણાગતિ અને એમની સમક્ષ કરેલા બધાજ ગુનાઓનો હાર્દિક એકરાર! દુષ્કૃત્યોનું આલોચન આ એક માર્ગ લાગે છે નિર્ભયતા મેળવવાનો!

બીજો માર્ગ: દુષ્કૃત્યોના ફળસ્વરૂપ જે કોઈ દુઃખો આવવાના હોય એ તમામ દુઃખોનો સહજ સ્વીકાર!

ત્રીજો માર્ગ છે પર પદાર્થોની અપેક્ષાઓ ઓછી કરતો રહું.... અપેક્ષાઓનો આંક વધવો તો નાજ જોઇએ!

નિર્ભયતામાં જ સુખ છે!
નિર્ભયતામાં જ આનંદ છે!
માટે તો મારે નિર્ભય બનવું જ છે!
મારે નિર્ભય બનવું જ છે!

(સ્નેહદીપ દ્વારા અનૂદિત)

કોલેજમાં અભ્યાસ કરતી જૈન વિદ્યાર્થિ જેમણે અર્ધમાગધી અને પ્રાકૃત વિષયો લીધેલા છે અને આર્થિક સહાયની જરૂર છે તેમણે નિયત અરજીપત્રક કાર્યાલયેથી મંગાવી, તા. ૩૧ જૂલાઈ સુધીમાં ભરી મેકલવું.

**સરનામું: શ્રી આત્મ—વલ્લભ—શીલ સૌરભ ટ્રસ્ટ**
**C/o. શ્રી મહાવીર જૈન વિદ્યાલય**
**ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ—૪૦૦૦૩૬**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિડરવકતાપ. પૂ. આ. ભ. **શ્રી વિજયમેરુ પ્રભસૂરીશ્વરજી** મ. સા.ની શુભ નિશ્રામાં

# ભાવનગરના આંગણે ઉજવાયેલ શાનદાર પંન્યાસપદ-પ્રદાન તથા ૭ મુમુક્ષુ પુણ્યાત્માઓનો દીક્ષા-પ્રદાન મહોત્સવ

"ધન્ય માતા ધન્ય પિતા, જેના કૂખે અવતર્યા;
ધન્ય ગુરુવર તુજ ચરણે, જીવન સફળ બનાયા"

ભક્તિપ્રધાન ભાવનગરના આંગણે શાસનપ્રભાવના પૂર્વક વિશિષ્ટ પ્રસંગો અવાર-નવાર ઉજવાતા રહે છે. શ્રીસંઘ અભ્યુદયન, સોપાન સર કરી રહ્યો છે.

શાસનસમ્રાટ પૂજ્યપાદ આચાર્યમહારાજાધિરાજ **શ્રી વિજયનેમિસૂરીશ્વરજી** મ. સા.ના પટ્ટધર પ્રશાન્તમૂર્તિ પ. પૂ. આ. ભ. **શ્રી શ્રી વિજયઉદયસૂરીશ્વરજી** મ. સા.ના પટ્ટાલંકાર નિડરવકતા પ. પૂ. આ. ભ **શ્રી વિજયમેરુપ્રભસૂરીશ્વરજી** મ. સા.ના વરદ હસ્તે અદ્યાવધિ ૫૧ પુણ્યાત્માઓએ પ્રવ્રજ્યાના પુણ્ય પંથે પ્રયાણ કરેલ છે. જ્યારે વૈ. સુદ ૧૦ના ભાવનગરના આંગણે વિક્રમરૂપ પ્રવ્રજ્યાભિલાષી ૭ પુણ્યાત્માઓ દીક્ષાના મંગલ માર્ગે આત્મકલ્યાણ સાધવા જઈ રહેલ.... પરમપદ પ્રાપ્ત કરવાના એક માત્ર ધ્યેયને સિદ્ધ કરવા કર્મક્ષય કરવાના અમોઘ સાધનરૂપ-દિવ્ય શસ્ત્રરૂપ. એકાન્તે આત્મકલ્યાણકર 'સર્વવિરતિ' ના પુણ્ય પંથે પ્રસ્થાન કરેલ

મુમુક્ષુઓએ દીક્ષાના મંગલ માર્ગે પ્રયાણ કરી માતા-પિતાને ધન્ય બનાવ્યા ?

જિનાજ્ઞા મુજબ સંયમ માર્ગે ડગલીઓ માંડી જીવનને ધન્ય બનાવ્યું ?

## મુમુક્ષુઓનીવિદાય વેળાએ...

વિરહ-વિદાયની કારમી, દિલને ગદગદ બનાવતી વેળાએ આંખો અશ્રુભીની બની જાય છે. તમો સહુ તારકની વાણી સાંભળી-સમજી-આત્મસાત્ કરી જીવનમાં આચરવા જઈ રહેલા છો જ્યારે એ જ તારકોની વાણી સાંભળવા છતાં અમો ભોગરૂપી વિષ્ટાને ચૂંથનારા કીડા રહ્યા.... ?

પંન્યાસપદ-પ્રદાન તથા દીક્ષા-પ્રદાન મહોત્સવ શ્રી ઋષિમંડળ પૂજન શ્રી સિદ્ધચક્રપૂજન શ્રી શાંતિસ્નાત્ર સમેત અપૂર્વ ઉલ્લાસ અને ઉમંગપૂર્વક ઉજવાયેલ.

મહોત્સવના શિરમોર અને મુખ્ય દિવસે શુભ મુહૂર્તે પૂ. આ. ભ. **શ્રી વિજયમેરુપ્રભસૂરીશ્વરજી** મ. સા.ના વરદ હસ્તે અને બુલંદ વાણી દ્વારા પૂ. ગણિ શ્રી માનતુંગવિજયજી મ સા.ને પંન્યાસપદ પ્રદાન તેમજ (૧) શા. નેમચંદ નાનચંદ, ભાવનગર (૨) લાલન હિંમતકુમાર કેશવલાલ દોલતનગર (મુંબઈ) (૩) અ. સૌ. પ્રભાવતીબહેન નેમચંદ, શાહ ભાવનગર (૪) કુ. વર્ષાબહેન નેમચંદ, ભાવનગર (૫) કુ. ઇન્દિરાબહેન સવાઈલાલ શાહ, ભાવનગર (૬) કુ. ભારતીબહેન ઉત્તમચંદ શાહ, ભાવનગર (૭) શાહ વનલીલાબહેન જશવંતલાલ, અમદાવાદ અનેરા ઉત્સાહ સાથે ચતુર્વિધ સંઘની વિપુલ હાજરીમાં જંગી માનવમેદની વચ્ચે દીક્ષા-પ્રદાન થયેલ. નૂતન દીક્ષિતોના નામકરણ નીચે મુજબ સ્થાપન થયેલ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| સંસારીનામ | દીક્ષિત નામ |
|---|---|
| (૧) શ્રી નેમચંદભાઈ— | પૂ. મુનિશ્રી નિર્મળસેનવિજયજી મ. સા |
| (૨) લાલન હિંમતકુમાર— | પૂ. મુનિશ્રી હિરણ્યસેનવિજયજી મ. સા. |
| (૩) અ. સૌ. પ્રભાવતીબહેન— | પૂ. સાધ્વીજી શ્રી પ્રશમરત્નાશ્રીજી મ. |
| (૪) કુ વર્ષાબહેન— | પૂ. સાધ્વીજી શ્રી વૈભવરત્નાશ્રીજી મ. |
| (૫) કુ. ઇન્દિરાબહેન— | પૂ. સાધ્વીજી શ્રી અર્હદ્સેનાશ્રીજી મ. |
| (૬) કુ. ભારતીબહેન— | પૂ. સાધ્વીજી શ્રી ભુષણરત્નાશ્રીજી મ. |
| (૭) શા. વનલીલાબહેન— | પૂ. સાધ્વીજી શ્રી વીર્યયશાશ્રીજી મ. |

પ્રસ્તુત પુણ્ય પ્રસંગે 'સોનામાં સુગંધ' સમાન

**(૧) શ્રી સંઘમાં ઘર દીઠ ૫-૫ લાડુની શેષ**

અંજવાળીબહેન ચત્રભુજ અમરચંદ વલ્લભીપુરવાળા હ : રમુભાઇ વલ્લભીપુરવાળા તરફથી

(૨ **લાડુની પ્રભાવના** (સ્વ.) ગજીબહેન ગભરૂચંદ, સ્વ. કસ્તુરચંદ બાપુલાલ અને અ. સૌ. કુસુમબહેન ખુબચંદ સરૂપચંદ પાટણવાળા તરફથી

(૩ **આકરના પાણી—શાહ** પ્રભુદાસભાઇ મોહનલાલ દુધવાળા (ભદ્રાવળવાળા)

શ્રી **સંઘ ગૌરવ :-** ભાવનગરમાં છેલ્લા કેટલાય વર્ષોથી રહેતા અને સ્પીનીંગ કલાર્ક શ્રી નેમચંદભાઇ ધર્મના રંગે....ચોળમજીઠ જેમ ત્યાગ રંગે રંગાયેલ છે તેઓએ પોતાના પરિવારમાંથી હસતા મુખડે અગાઉ ત્રણ સુપુત્રો અને બે સુપુત્રીઓને દીક્ષા આપેલ અને આજના તબકકે પરિવારમાંથી બાકી રહેલ પોતે પોતાની ધર્મપત્ની અને પુત્રીઓ સંયમ માર્ગ સ્વીકારેલ. આમ એક જ કુટુંબમાંથી **આઠ વ્યકિત** યાને સમગ્ર કુટુંબ દીક્ષાનો સ્વીકાર કરે એવો આ વિરલ પ્રસંગ છે. આ પ્રસંગ અમારા સંઘ માટે ગૌરવરૂપ અને અનુમોદનરૂપ છે.


શ્રી **हेमचन्द्राचार्य कृतम प्राकृत व्याकरणम् (अष्टमोऽध्यायः)**

શ્રી જૈન આત્માનંદ સભાનું પ્રકાશન-૯૪મું રત્ન છે. સાચા અર્થમાં તે રત્ન જ છે કેમકે તેના વિવિધ કારણો પ્રાકૃત ભાષાના અભ્યાસીને પુનિત ભાષાથી પ્રકાશિત કરે છે પ્રાચીન પાકૃત ભાષાના વ્યાકરણોમાં આ પુસ્તકનું અદ્વિતીય સ્થાન છે. અર્વાચીન વિદ્વાનોએ આ પુસ્તકો બીરુદાવ્યું છે. અભ્યાસીને સંપૂર્ણ જ્ઞાન મળે અને તુલનાત્મક અભ્યાસ થાય તે માટે આ પુસ્તકમાં નવ ^pperdiers આવેલ છે જર્મન જેવા દેશમાં તેમજ મહાન વિદ્યાપીઠોની માંગ સારી છે. તેજ તેનું મૂલ્યાંકન છે.

**Price Rs. 25-00** Pound 5-00 Dolar 2-10

પ્રાપ્તિ સ્થાન

**શ્રી જૈન આત્માનંદસભા ખારગેટ, ભાવનગર**




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મની બાળપોથી (ક્રમાંક ૫)

લેખક : પં. શ્રી પૂર્ણાનન્દવિજય ( કુમારશ્રમણ ) પાર્લે ( ઈસ્ટ )

**તત્વજ્ઞાનની ગહનતા :-**

"પુરૂષવિશ્વાસે વચનવિશ્વાસ" આ ન્યાયાનુસાર, તીર્થંકર પરમાત્માઓના જીવનમાંથી મોહકર્મ, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અન્તરાય રૂપ ચારેઘાતી કર્મો સર્વથા નિર્મૂલ થયેલા હોવાથી. અસત્યભાષણ, માયાવી જીવન તથા સંદિગ્ધ, હિંસા, અને અહિતાત્મક ઉચ્ચારણાનો લવલેશ પણ તેમનામાં હોતો નથી. બાહ્યપરિગ્રહ અને મિથ્યાત્વ. વિષયવાસના, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, અને ચારે કષાય રૂપ આન્તર પરિગ્રહના મૂળીયા બળીને સર્વથા ખાખ થયેલા હોવાથી તે પરમાત્માઓની દ્રવ્ય અને ભાવ પ્રવૃતિઓ જીવમાત્રના કલ્યાણને માટે જ હોય છે. આ કારણે તીર્થંકરદેવોનુ જીવન સર્વ રીતે વિશ્વસ્ત હોવાથી તેમના વચનોમાં કયારેય અવિશ્વાસ કરવા જેવું રહેતું નથી અહિંસા–અનેકાન્ત (સ્યાદ્વાદ) અને સંયમના સૂક્ષ્માસૂક્ષ્મ વિચારો તેમના સિવાય બીજા કોઈની પાસે હોઇ શકે નહિં. કેમકે તેમનુ પોતાનુ જીવન જ પૂર્ણ અહિંસક, અનેકાન્તમય, અને સંયમની ચરમસીમાને પ્રાપ્ત થયેલું હોવાથી તેમના વિચારોમાં, ઉપદેશોમા, વિસંવાદિતા હોઇ શકતી નથી ચૌદરાજ લોકમય સંસારના જીવો, તેમના કર્મો ફળો, ગતિ આગતિ પુદ્‌ગલ સ્કંધો પરમાણુઓ અને તેમનામાં રહેલી અજબ–ગજબની શકિતઓ, છદ્મસ્થોને માટે સર્વથા પરોક્ષ છે. તેને કેવળજ્ઞાની સિવાય બીજો કોણ, કઇ રીતે જાણી શકવાનો હતો? આવી સ્થિતિમાં વિશ્વની ઘણી વસ્તુઓ હકિકતો આપણા જેવાઓને માટે પ્રત્યક્ષ થઈ ન શકે, તેટલા માત્રથી તેનો અભાવ માનવાની ઉતાવળ કરી નાખવી, તેમાં અજ્ઞાન, મિથ્યાજ્ઞાન, પૂર્વગ્રહ, ગ્રસિતજ્ઞાન, સંશયજ્ઞાન આદિ મુખ્ય કારણ રૂપ છે

જે કાળમાં આપણે જન્મ્યા છીએ. તે કારણે પણ ઘણા પદાર્થો સર્વથા પરોક્ષ જ રહેવાના છે તેથી સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત ન થવામાં ઘણાં કારણોમાંથી થોડાક કારણો આ પ્રમાણે છે.

**(૧) મતિદુર્બલતા :-** ચરમસીમાએ પહોંચેલા ભૌતિકવાદના આ જમાનામાં માનવનું મતિજ્ઞાન એટલું બધું કમજોર છે, જેના લીધે અમુક પ્રકારના તત્વજ્ઞાનને સમજવા જેટલી ક્ષમતા તેની પાસે હોતી નથી. કદાચ સમજવાની ઇચ્છા હોય તો પણ બીજા બીજા અન્તરાયો, આવરણો, વ્યાપારરોજગારની હાડમારીઓ. ઉદર પોષણ માટેની જવાબદારીઓ, તથા લાડી–વાડી અને ગાડીની માયા પૂર્વકની મસ્તીમાં લગભગ ભાન ભૂલેલા હોવાના કારણે પણ સમય મેળવી શકતા નથી, કોઇક સમયે સમજવાના ઈરાદે, ઉપાશ્રય તરફ આવીએ તો આપણી સાથે જ, આપણાને વળગેલા ક્રોધઅહંકાર, કૃપણતા, આલસ્ય, સંઘાડાવાદ તથા સંપ્રદાય વાદ જેવા આત્માના અન્તરંગ શત્રુઓ પણ આવતા જ હોય છે. જેના લીધે મતિજ્ઞાન ઉપર મતિજ્ઞાનાવરણીય કર્મનો દબાવ પડતા વાર લાગતી નથી.

**(૨) જ્ઞાની ગુરૂનો અભાવ :-** તત્વજ્ઞાનના જાણકાર અને ચારિત્ર સુગન્ધથી દીપતાં આચાર્ય, ઉપાધ્યાય તથા મુનિરાજોનો વિરહ હોવાના કારણે પણ મહાવીર પરમાત્માના શાસનને તથા 'જૈનત્વ' ને જે રીતે સમજવું હતું તે પ્રકારે સમજવાની યોગ્યતા મેળવી શક્યા નથી. ઘણીવાર એવું પણ બને છે કે આપણા કમજોર ભાગ્યના બળે તેવા દેશમાં કે ક્ષેત્રમાં જન્મેલા હોઇએ તો તત્વજ્ઞાનની જિજ્ઞાસા મરી પરવારેલી હોવાથી, ઢાલ ચૌપાઈ રાજારાણીના કથાનકો સિવાય બીજા એકેય વિષયમાં રસ–જામતો નથી, પરિણામે અહિંસા–અનેકાન્ત અને સંયમને સમજવામાં આપણું કમજોર ભાગ્ય વચ્ચે નડી જાય છે.

**(૩) જ્ઞેયગહનતા :-** સંસારમાં કેટલાક પદાર્થો અત્યન્ત ગહન, પરોક્ષ અને અતીન્દ્રિય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



Regd. G. BV. 31

હોવાથી તેમની જાણકારી માટે આપણી યોગ્યતા જ મરી પરવારેલી હોય છે, કદાચ શ્રદ્ધાનું બળ હોઇ શકે છે. પણ તેમાં કુતર્કો, વિતંડાવાદોનો પ્રવેશ થતાં, તાકાત વિનાની શ્રદ્ધા કયાં સુધી સફળ બનવાની હતી? કદાચ કુતર્કોનો પ્રવેશ ન કરવા દઇએ, તો પણ કેવળી ગમ્ય પદાર્થોનું પ્રત્યક્ષીકરણ આપણા માટે-અસંભવિત છે, કેમકે પ્રતિક્ષણે અનુભવાતો પવન સ્પર્શેન્દ્રિયગ્રામ્ય હોવા છતાં પણ નયનોને મટે પરોક્ષ જ રહે છે. તો પછી આત્મા, પરમાત્મા, તથા સંસારમાં રહેલા અસંખ્ય દ્વીપો, સમુદ્રો, પર્વતોને પ્રાપ્ત કરવાની શક્તિ-વિજ્ઞાનવાદ કે યંત્રવાદ પાસે પણ નથી જ તો પછી આપણને શી રીતે પ્રત્યક્ષ થશે આકાશમાં રહેલા અને પ્રત્યક્ષ દેખાતા તારાઓના વિમાનોની કોઇ હવા ખાવા માંગે તો તેની આ માંગ સફળ શી રીતે બનવા પામશે. સફળતા મેળવવા માટે પ્રયત્નો કરીએ તો આખું જીવન પૂર્ણ થઈ જશે તો પણ કંઈ વળવાનું છે જ નહિ. ત્યારે પરમાત્માનું ભજન પૂજન, તમારા પોતાના કરેલા પાપોનું પ્રાયશ્ચિત કયારે કરશો ? માટે! કેવળીગમ્ય પદાર્થોને કેવળ શ્રદ્ધાથી જ માનવાના રહે છે. તેમાં જ્યાં સુધી આપણી બુદ્ધિ પહોંચે ત્યાં સુધી પહોંચાડવી અન્યથા જ્ઞાનીગુરૂમહારાજ જ્યારે વધારે. તેમની પાસેથી જ્ઞેયતત્વ જાણવાનો પ્રયાસ કરવો જેથી ભવનો આંટો નિષ્ફળ ન બને.

(૪) **જ્ઞાનાવરણીય કર્મોદય** :- પ્રવાહરૂપે અનાદિકાળથી બાંધેલા, વધારેલા, ચિક્કણા અને નિકાચિત કરેલા, આઠે કર્મોમાં જ્ઞાનાવરણીય કર્મ પણ અનાદિકાળથી આત્માના એક એક પ્રદેશ પર પોતાની સત્તા જમાવીને બેઠો છે. તેને આંખપર બાંધેલા પાટાની ઉપમા દેવામાં આવી છે. જેનાથી જ્ઞાનસૂર્યનો પ્રકાશ આત્મા મેળવી શક્તો ન હોવાથી, સમ્યગ્જ્ઞાન (રાઇટનોલેજ)ની પ્રાપ્તિમાં આત્માનો પરિશ્રમ સફળ બનતો નથી. કદાચ પરિશ્રમ કરીએ તો તેના સહચારી કર્મો જીવને સફળ બનવાદે તેમ નથી. તેમાં સૌથી જબ્બર-શક્તિવાળું દર્શન મોહનીય કર્મ છે, જેને લઇને ધર્મના પુસ્તકો, આત્મશુદ્ધિના ધર્મસૂત્રો. પ્રભુ-ભજનના ગીતો હાથમાં લેવા પણ ગમતા નથી કેમકે તેનાથી આપણો આત્મા પૂર્વગ્રહથી બંધાઇ ગયેલો છે. માટે જ બોલીએ પણ છીએ કે ધર્મના પોથાઓ ભણવાથી શો ફાયદો ? નમુત્થુણં કે લોગસ્સન શિખ્યા તો કયો નુકશાન થઈ જવાનો હતો ? મારી પાસે લાખો કરોડોની માલ મિલ્કત છે. માટે ખાઈશું પીશું અને આરામથી જીવન પૂર્ણ કરીશું. કેવળ વ્યવહાર માટે દર્શન, પૂજન કરી લઇશું. વધારે જાણવાની કે કરવાની માથાકૂટ કરવાની જરૂરત નથી. દર્શનાવરણીય કર્મથી આત્મા નિદ્રા, તંદ્રા, અને જ્યારે જુઓ ત્યારે ઉંઘતો જ હોય છે, દેવ જેવો મનુષ્યાવતાર મલ્યો છે. તો પણ પોતાના પલંગ-રજાઈ મચ્છરાદની છોડવાનો અને ધર્મધ્યાન કરવાનો ભાવ થતો નથી, અને મોહકર્મનો હુમલો જોરદાર હોવાથી, શરાબપાનના નશાની જેમ આત્મા સર્વથા બેભાન બેમર્યાદ બનીને સંસારના સ્ટેજ ઉપર બેફામ વર્તશે પરિણામે સિનેમા, ટી. વી. ઘાસલેટિયા-સાહિત્ય જેવા પેપરો, સાપ્તાહિકો અને માસિકોમાં અમૂલ્ય જીવન બરબાદ કરશે. આવી સ્થિતિમા પોતાના રંગ મહેલોને શણગારવામાં, શરીરને પોષવામાં ઇન્દ્રિયોના તોફાની ઘોડાઓને છુટા મૂકવામાં, તથા હોટલ, રેસ્ટોરોમા અમન-ચમન કરવા સિવાય તેમને ધર્મકર્મની વાતોમાં રસ ઉત્પન્ન થાય તેમ નથી. ફળ સ્વરૂપે વિજ્ઞાનીઓની પ્રસંસા અને કેવળીભગવંતોને માટે યદ્વાતદ્વા બોલવાનું ભાગ્યમાં શેષ રહે છે. તેમની પાસે બેસીને

( અનુસંધાન ટાઈટલ પેજ ૨ ઉપર )

તંત્રી : શ્રી પોપટભાઇ રવજીભાઇ સલોત શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only